વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ એપ્રીલ, ૨૦૨૩ Vol. 17 No. 4

## ‘ધર્મ-રાજકારણની જુગલબંધીને રોકો’ - સુપ્રીમ



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

## 'સીધો મારગ'માં નાનુભાઈ વાનાણી

હું અહીં અધ્યાત્મ શબ્દનો ઉપયોગ કરું છું ત્યારે તેને સ્થુળ અર્થમાં સમજવાનો છે કારણ કે સૂક્ષ્મ અર્થના અધ્યાત્મને શબ્દોથી સમજાવવો કઠીન છે. શબ્દો માત્ર આપણા મનમાં આવતા વીચારોને વ્યકત કરી શકે છે. જયારે સુક્ષ્મ અધ્યાત્મ તો વીચારોની સીમા પૂર્ણ થાય પછી જ શરુ થાય છે. એટલે વીચારશુન્યતા એ જ અધ્યાત્મ છે. હું અહીં સ્પષ્ટતા કરી દઉં કે હું અધ્યાત્મવાદી નથી, અને બનવા માંગતો પણ નથી. જયાં સુધી મારામાં પોતાના માનવીય અને સામાજીક વીચારો જીવંત છે ત્યાં સુધી તેને પોષણ આપી મારે મોટા કરવા છે. મારી નથી નાંખવા. જયાં સુધી વીચારો જીવંત રહે ત્યાં સુધી અધ્યાત્મીક બની શકાતું નથી. હા, સાંપ્રદાયીક બની શકાય છે કારણ કે જયાં ભેદ હોય ત્યાં સંપ્રદાય હોય, અધ્યાત્મ નહીં. હું જયારે મારા વીચારોને વધારે મજબુત કરવા માગું છું ત્યારે બીજાના વીચારો અને મારા વીચારોમાં સ્વાભાવીક ભેદ રહેવાના. બીજાના વીચારો અને આચારોનો વીરોધ કરી હું કયારેય કટ્ટર બનવા માંગતો નથી. આટલી ભુમીકા પછી હું મારા સાંપ્રદાયીક વીચારો રજુ કરું છું.

હું નાના ગામડામાં જન્મીને મોટો થયો. આજે મારી ઉંમર ૬૨ વર્ષ છે. આટલી જીવનયાત્રામાં મને એક પળ માટે પણ એવા વીચારને સમર્થન નથી મળ્યું કે આ સૃષ્ટીની કોઈ રચનાર, પાલન કરનાર અને સંહારક શકતી હશે, તેવી કોઈ સત્તા હશે. નાનપણમાં મને આ વીચારોને સમજવા વધારે અભ્યાસની તક મળેલ નહીં, પરંતુ ૧૭ વર્ષની ઉંમરે મેં તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો વાંચવાનું શરુ કર્યું. ત્યારે હું ભાવનગરમાં રહેતો હતો. ભાવનગરની ગાંધી સ્મૃતી લાઈબ્રેરીનો હું સભ્ય બન્યો. મેં દર્શન, ઉપનીષદ, મીમાંસા સ્મૃતીઓ વગેરેનો અભ્યાસ કર્યો. ત્યાર પછી આજ સુધી મારી આ શોધ યાત્રા ચાલુ છે. મારા શરૂઆતના જે વીચારો હતા તે યાત્રાના અંતે આજે વધારે દ્રઢ થયા છે. હજી આજે પણ એવા કોઈ તત્ત્વ અથવા અલૌકીક સત્તાનું અસ્તીત્ત્વ જેનો પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા અનુભવ ન થઈ શકતો હોય અને માત્ર વ્યકતીગત અનુભુતી, અનુમાન, શ્રદ્ધા અથવા તર્ક દ્વારા જ સીદ્ધ કરવાનો પ્રયત્ન કરવો પડતો હોય તેવી કોઈ સત્તાના અસ્તીત્ત્વને મારી બુદ્ધી સ્વીકારી શકતી નથી. મારા વલણમાં જડતા નથી, પરંતુ સત્ય શોધવાની તમન્ના છે.

શરીર અને પ્રાણ જુદા નથી પરંતુ તે એકબીજાના અભીન્ન અંગ છે. મૃત્યુ એ માત્ર ભૌતીક ઘટના છે. એટલે શરીરની સાથે પ્રાણનો પણ અંત આવે છે. તેથી પુનર્જન્મનો પ્રશ્ન જ રહેતો નથી.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી
ડો. સુષ્મા ઐય્યર
મનસુખ નારીયા
જનક બાબરીયા

૧૫ એપ્રીલ, ૨૦૨૩ | સળંગ અંક : ૩૭૭ | Vol. 17 No. 4

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)


## ધર્મ–રાજકારણની જુગલબંધીને રોકો – સુપ્રીમ

–સુર્યકાન્ત શાહ

ધર્મનો આધાર લઈને જુદાં જુદાં જુથો બે મોરચે કાર્યરત છે : (૧) રાજકીય પીઠબળથી પોતાના ધર્મ અને સંપ્રદાયની સર્વોપરીતા સાબીત કરવી, અને (૨) એ જ રાજકીય પીઠબળથી અન્ય ધર્મો અને બીનસંપ્રદાયીકો પરત્વે ધીકકાર ફેલાવવો. દેશમાંના મોટાં ભાગનાં રાજયોમાં આ બે મુદ્દા પર જે અદાલતી કાર્યવાહી થાય છે તે જરા ઝીણી નજરે તપાસવામાં આવે તો સ્પષ્ટ થાય જ છે કે ઉપર દર્શાવેલા બે મોરચે આગેકુચ થાય તે રીતે આ ધાર્મીક જુથો અને રાજકીય પક્ષો અદાલતનો પણ ઉપયોગ કરે છે. આ આખુ અભીયાન છેવટે સમાજના તાણાવાણા તોડશે. કેટલાક ચીંતકો તો જણાવે છે કે એ તુટવા માંડયા જ છે ! છીન્ન-વીચ્છીન્ન સમાજના કુલ દુઃખ વધવા જ માંડયા છે. દેશમાં એક પ્રકારનો અજંપો ઉધઈની જેમ છાનોછપનો ફેલાવા માંડયો છે. આ આવતી આફતની ચીંતાથી વ્યગ્ર કેટલાંક સમાજહીતચીંતકોએ સુપ્રીમ કોર્ટમાં અરજ ગુજારી કે ઓછામાં ઓછું એટલું તો કરી આપો કે ધીકકાર ફેલાવતા ભાષણો, લખાણો અને કાર્યક્રમો અટકે.

ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

સુપ્રીમમાં આ અંગે જયારે સુનાલણી નીકળી ત્યારે સુપ્રીમે સમસ્યાના મુળમાં જવાનું રાખ્યું. સામાન્ય નાગરીકને પણ દેખાઈ રહયું છે કે રાજયે બીનસાંપ્રદાયીકતાનો જ્યારથી ત્યાગ કરવા માંડયો છે ત્યારથી ધર્મ-સંપ્રદાયના પાયે લોકો વચ્ચે અવીશ્વાસનું વાતાવરણ અને અજંપો વધવા માંડયા છે. અલબત્ત, સામાન્ય નાગરીકે સૌથી પહેલા સમજવાનું એ છે કે કોઈ પણ દેશમાં અને ખાસ કરીને આપણા દેશમાં બીનસાંપ્રદાયીકતા અનીવાર્ય છે. રાજયનો કોઈ ધર્મ હોઈ શકે જ નહીં. ધર્મ હોય તો તો તે કોઈક વ્યકતીનો અને તે પણ એના પુરતો સીમીત હોઈ શકે. કોઈપણ ધર્મમાં નહીં માનવું તે પણ બીનસાંપ્રદાયીકતા સ્વીકારે છે. સમાજને સંપીલો બનાવે, એક માણસ બીજા માણસને મળે ત્યારે પરસ્પરની આંખમાં અમી જ દેખાય, છતાં જેમને જે ધર્મમાં માનવું હોય તેમાં માનવા જેવી વ્યવસ્થા બીનસાંપ્રદાયીક સમાજમાં જ થાય. કોઈ એક માણસ પહેલા અને છેલ્લા પણ ‘માણસ’ જ છે એ સત્યનો બીનસાંપ્રદાયીકતા હેઠળ જ સ્વીકાર થાય છે. સુપ્રીમ આ બાબત બરાબર સમજે છે તેથી પ્રવર્તમાન અજંપો અને જેના પર સુનાવણી થતી હતી તે અરજને કેન્દ્રમાં રાખીને સુપ્રીમે સમસ્યાના મુળમાં જઈને હમણાં તો શુભેચ્છા પ્રગટાવી કે ધર્મ અને રાજકારણની વધતી જતી જુગલબંધી જ આ બધા અજંપાને ફેલાવે છે. આથી રાજકારણને ધર્મથી અલગ પાડો. ભારતના બંધારણાનુસાર આ બેની જુગલબંધી કરવાની જ નથી. સીધા, આડકતરા અને મોઘમ રસ્તા અપનાવી જે રાજકીય પક્ષો ધર્મનો આધાર લઈને તેમ જ લોકોમાં અજંપો ફેલાવીને પોતાના સત્તાપ્રાપ્તીના લક્ષ્યાંકને સીદ્ધ કરે છે તે પક્ષો વાસ્તવમાં દેશ-દુનીયાનું ભલુ કરતા જ નથી. એ અહીત કરે છે. સુપ્રીમે આથી ખુબ સમયસર જુગલબંધીને  અટકાવવાના જે નીર્દેશ કર્યા છે તે ખુબ આવશ્યક છે. આમ છતાં, આપણી આજુબાજુ જે વાતાવરણ છે તેમાં આશાનાં કીરણો દેખાતા નથી. આવી વીષમ પરીસ્થીતીને જ રેશનાલીસ્ટોએ પડકાર તરીકે ઝીલવાની છે. પોતપોતાના વર્તુળમાં બીનસાંપ્રદાયીકતાને ટકાવવા અને ફેલાવવા શકય એટલા પ્રયત્નો કરવાના છે. ધર્મ-સંપ્રદાયો જ ધીક્કારના મુળમાં હોવાના સત્યને દર્શાવવાનું છે. આ જે કંઈ આપણે કરીએ તે કાયદાની મર્યાદામાં રહીને જ કરવું.

---

રજા દરમીયાન પ્રવાસ, રીસોર્ટ વગેરે દ્વારા થતી આનંદપ્રાપ્તી માત્ર ઉપલા મધ્યમ વર્ગ અને શ્રીમંતોનો વીશેષ અધીકાર છે.

દેશના જે એંસી ટકા પ્રજા ગરીબીમાં સબડે છે તેમને માટે રજા એટલે ઘરકેદ !

આર્થીક અસમાનતા કેટલી બધી માનવવીરોધી છે !

# ધર્મોત્સવો અને રાજકીય ધ્રુવીકરણ

**–તંત્રી લેખ**

ધર્મને રાજકારણ સાથે જોડીને એ જોડને ટકાવવા અને વીકસાવવા ધર્મના આગેવાનો અને રાજકારણીઓ તનતોડ મહેનત કરે છે. પરીસ્થીતીની કરુણતા એ છે કે દેશમાં લઘુમતી અને બહુમતીના જે ભાગલા પડે છે તે ધર્મના આધારે બહુધા પડે છે. આથી જે ધર્મના લોકો બહુમતીના હોય એમનું તુષ્ટીકરણ કરવામાં આવે તો રાજકીય પક્ષ, તેના ઉમેદવારો અને તેના નેતાઓની ક્ષમતાને ધ્યાનમાં લેવામાં આવતા નથી. તેઓ 'અમારા' ધર્મ અને 'અમારા' ધર્મના લોકોનું તુષ્ટીકરણ કરે છે તેથી એમને ખોબળે ખોબળે મત આપવાને બહુમતી તૈયાર થઈ જાય છે. કોઈ એક રાજકીય પક્ષ લઘુમતીને રક્ષણ આપીને અને તે રક્ષણ આપવા જેવું છે એવું બહુમતીને સમજાવીને સત્તા પર આવે તે દેશનો સમાજ વીભાજીત નહીં થાય. બીજી બાજુ, બહુમતી લોકોનું માત્ર તૃષ્ટીકરણ જ નહીં, પરંતુ લઘુમતી પરત્વે ધીકકાર ફેલાય તેવા પેંતરા રચીને સત્તા પર આવવું ખુબ સહેલું છે. જે રાજકીય પક્ષ એ સહેલો વીકલ્પ અજમાવે છે તે દેશહીતને માળીયે ચઢાવીને પોતે ગાદી પર બેસે છે.

બહુમતીને ખુશ કરીને સહેલાઈથી સત્તા મેળવતો પક્ષ સત્તા મેળવ્યા બાદ પોતાની ખુરશીને યેન્ કેન્ પ્રકારેન સાચવવા માંગે એ સમજી શકાય તેવું છે. ધર્મના પાયે જ બહુમતી-લઘુમતી વીભાજન થયું હોય તો ધર્મોત્સવો અને તેમાંયે બહુમતીના ધર્મોત્સવોને સત્તા મેળવવા માટેનું અમોઘ શસ્ત્ર બનાવી શકાય. રાજયના ખર્ચે બહુમતી ધર્મની પ્રવૃત્તીઓ થવા દેવાથી માંડી એમનાં ધર્મસ્થાનો વધુ ને વધુ ભકતોને આકર્ષે તેવાં બનાવવા સુધી રાજય અઢળક સંપત્તી ખર્ચે એ સત્તા ટકાવવા અને વીસ્તારવા માટે જરુરી થતી જાય છે. નાનામાં નાના ધાર્મીક ઉત્સવને વીરાટ ઉત્સવ બનાવવાથી ધર્મઘેલા અને ધર્મના નામે બુદ્ધીને ગીરો મુકનારા લાખો ભકતો તે ઉત્સવોમાં જોડાય છે. રાજયના જ ખર્ચે બહુમતીનું તુષ્ટીકરણ કરીને સત્તા પર આવેલો પક્ષ એ ઉત્સવોમાં એવી પેરવી કરતો હોય છે કે ભેગા થયેલા લાખો ભકતો એવું માનવા માંડે છે કે એમનો ઉદ્ધારક માત્ર એમનો ભગવાન, ગોડ કે ખુદા નથી, પરંતુ સત્તાધીશ પક્ષ અને તેના નેતા પણ છે. ધર્મમાં સ્થાપીત હીત દારાવના આગેવાનોને પણ આ જ જોઈતું હોય છે. ધર્મોત્સવમાં વપરાતા પદાર્થો સાધનો, પ્રતીકો, પહેરવેશ, ગીતોના રાસડા, આ બધાંમાં જ

સત્તાધીશ પક્ષનો અને એને મત આપવાનો સંદેશો પહોંચ્યા જ કરે એવી વ્યવસ્થા કરવામાં આવે છે. આ સંદેશાના માહીતી સંચારને વધારે જેરદાર બનાવવાનું જરુરી લાગે તો એવા ધર્મોત્સવમાં સત્તાધારી પક્ષના આગેવાનો જ નહીં, પરંતુ એના મંત્રીઓ, રાજ્યપાલો વગેરે પણ હાજરી આપે છે. બીજી બાજુ લઘુમતીના ધર્મોત્સવો ઝાંખા પડે, એમાંથી કોઈક કહેવાતા રાષ્ટ્રવીરોધી તત્ત્વનું સંશોધન, વાહન અને સંદેશવ્યવહારનો અસહકાર પણ સાથે સાથે ચલાવલામાં આવે છે. આ બધાંનું કુલ પરીણામ એ આવે છે કે ધર્મોત્સવો માત્ર ધાર્મીક ભાવનાના પોષક પ્રસંગો રહેતા નથી, પરંતુ રાજકીય ધ્રુવીકરણનાં નીમીત્ત પણ બને છે. રેશનાલીસ્ટોએ આ પ્રકારે થતા ધ્રુવીકરણને બરાબર સમજી લેવું જોઈએ. જયાં જેટલાને સમજાવાય કે ધાર્મીક ઘેલછા તો અયોગ્ય છે જ. પરંતુ તે આગળ વધીને રાજકીય ધ્રુવીકરણ કરીને આખા દેશને નુકસાનકારક બને છે. આ કરવા માટે કાયદાનું ઉલ્લંઘન નહીં થાય તેની ખાસ કાળજી રાખવી.

---

તા. ૯-૪-૨૩ના રોજ કીમમાં ‘સાહીત્ય અને વીજ્ઞાનના આંતરસંબંધો’ પર શ્રોતાઓની ભરચક હાજરીમાં એકદીવસીય પરીસંવાદ સફળતાપુર્વક યોજાઈ ગયો. એનો અહેવાલ આવતા અંકથી...

---

## અપીલ

**ગુજરાતીભાષીઓ માટે રેશનાલીઝમ પર ચીંતન કરતું એક માત્ર ‘સત્યાન્વેષણ’ માસીક છે. માત્ર ગુજરાત-મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ ‘સત્યાન્વેષણ’ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વીનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું ‘સત્યાન્વેષણ’ દરેક મહીનાની પંદરમીએ નીયમીતપણે બહાર પડે છે. એનું વાર્ષીક લવાજમ રૂા. ૨૦૦/- અને આજીવન રૂા. ૨૦૦૦/- છે. મ. ઓ.થી કે સત્યશોધક સભાના બેન્ક ઓફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.**

*દરેક ‘સત્યાન્વેષણ’ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે ‘સત્યાન્વેષણ’ **www.satyashodhak sabha.com** પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ **PDF** મોકલવામાં આવશે.

## હોકીંગ સાચા પડવા માંડયા છે !

હજી હમણાં જ ઈ.સ. ૨૦૧૮માં હોકીંગે ભવીષ્યવાણી કરેલી કે હવામાં વીમાન ઉડાડીને આપણે દેશ-દુનીયામાં એક સ્થળેથી બીજા સ્થળે જઈએ છીએ. રોજ આશરે એક કરોડ માણસો દુનીયામાં હવાઈ મુસાફરી કરે છે કારણ કે એમને હવાઈ પ્રવાસનો ખર્ચો પરવડે છે. સૌથી પહેલા હવાઈ સેવા ચાલુ થઈ ત્યારે એ ખુબ મોંઘી હતી, પરંતુ એના વાપરનારા વધ્યા એટલે અને ઓછો ખર્ચ આવે એવી ટેકનોલોજી વીકસી એટલે મોટા પ્રમાણમાં લોકો હવાઈ સેવાનો લાભ લેવા માંડયા. એ જ પ્રમાણે અવકાશ યાત્રામાં શરુઆતમાં મોંઘી રહેશે. અતી ધનાઢયો અવકાશ-મુસાફરી કરશે. એમાં નફો મળવાની ખાતરી મળશે એટલે એમાં ખાનગી સાહસ પ્રવેશસે. અહીં પણ ટેકનોલોજી અવકાશ-પ્રવાસને સસ્તો બનાવશે. વધુ ને લોકો અવકાશ-યાત્રા કરતા થશે. હોકીંગે કરેલી આ ભવીષ્યવાણી સાચી પડવા માંડી છે. અવકાશયાત્રાના ધંધામાં ખાનગી સાહસ પ્રવેશી ચુકયું છે. સૌથી વધારે ખર્ચાળ છે એટલે કસર કરવા રોકેટનો પુનઃઉપયોગ શરુ થયો છે. અતી ધનાઢયો અવકાશમાં ચક્કર મારવા માંડયા છે. જોઈએ હવે તમારો-મારો નંબર કયારે લાગે છે !

## તમે નકકી કરો : સાચું શું – ખોટું શું ?

- ચૌદસો વરસથી આજ દીન સુધી આ દુનીયામાં વસતા લોકો અને વીજ્ઞાન તથા કોમ્પ્યુટર સુદ્ધાં શોધ કરીને થાકી ચુકયા અને પોતાનું માથું નમાવી ચુકયા છે. કોઈમાં પણ એમ કહેવાની **હીંમત** થઈ નથી કે આ (કુર્આન) અલ્લાહની કીતાબ (ગ્રંથ) નથી.
- આગ, પાણી, જીવજંતુ સંસારની દરેક વસ્તુને માનવીની સેવા માટે જ સર્જવામાં આવી છે. માનવને આ સઘળી વસ્તુઓનો સરદાર (બાદશાહ) બનાવવામાં આવ્યો છે. તેમ જ માત્ર પોતાના દાસ અને પોતાની પુજા અને આજ્ઞાપાલન માટે પેદા કર્યો છે.
- તમે મર્યા પછી મારી (અલ્લાહ) તરફ જ પાછા ફરશો, અને આ લોકમાં જેવાં કાર્યો (કર્મો) કર્યા કરશે તેવો જ બદલો પામશો.
- એ વાત પણ સાચી નથી કે મર્યા પછી તમારો આત્મા કોઈ યોનીમાં પ્રવેશી જશે. આ દષ્ટીકોણ કોઈ માનવીય બુદ્ધીની કસોટી પર ખરુ પુરવાર થતું નથી.

**(મુહમ્મદ કલીમ સીદ્દીકી રચીત પુસ્તીકા 'આપની અનામત (આપની સેવામાં)' માંથી)**

# દેવ-દેવીઓમાં પણ વસતીવૃદ્ધી

સમય જતા દેવ-દેવીઓની વસતીમાં વધારો થતો જાય છે. આ દેવી-દેવતાઓના નામે એમના કહેવાતા અનુગામીઓ-વારસદારો-સંદેશવાહકો વગેરે ઉપદેશોના ઓઠા હેઠળ જે વાતો કરે છે તે ઘણીવાર પરસ્પરથી વીરુદ્ધ અને જુદી પડતી હોય છે. પરીણામે આ બધાં જે એ દાવો કરે છે કે વીશ્વની રચના કોઈક અપાર્થીવ અને શ્રેષ્ઠ તથ્ય એટલે કે ભગવાન, ગોડ, ખુદાએ કરી છે. તે દાવાઓ પોતે જ પરસ્પર વીરુદ્ધના અને અલગ હોય છે. પરીણામે કોઈ એક સર્વશકતીમાન સર્જકનું અસ્તીત્વ હોતું જ નથી. એ આપોઆપ પુરવાર થઈ જાય છે. આમ છતાં પોતાના ઉપદેશોને સાચા ઠેરવવા માટે આ ઠેકેદારો અનુયાયીઓ-ભકતોના મગજમાં એટલા ગુંચવાડા પેદા કરે છે કે ભકત 'નહીં' સમજવામાં ડહાપણ સમજે છે ! બુદ્ધીને લકવો લગાડતી શ્રદ્ધા અને ભકતીમાં જ ડહાપણ હોવાનું માનતો થઈ જાય છે. ઠેકેદારોને જયારે એવું સમજાય કે અત્યાર સુધીના દેવ/દેવીથી ભકતો કંટાળ્યા છે ત્યારે તેઓ નવા દેવ/દેવી પેદા કરે છે. બીજી બાજુ વીજ્ઞાન બનતી ઘટનાઓનં કારણો શોધીને સત્ય તરફ એક ડગ માંડે છે. શોધાયેલાં કારણો વચ્ચેનો કોઈ સંબંધ હોય તો તે શોધે છે. પરીણામે ઘણી ઘટનાઓના સત્ય વધારે સ્પષ્ટતાથી સમજાય છે - સમજાવી શકાય છે. શરુઆતમાં જે સંકીર્ણ સીદ્ધાંત દેખાય છે તે ઉંડો ઉંડો જઈ પછી સપાટી પર આવી વીશાળ થવાની ક્ષમતા ધરાવે છે. ગુરુત્વાકર્ષણમાં આ જ પ્રમાણે બન્યું.

# સત્યશોધક સભાને દાન



**આપણી કારોબારીના સભ્ય અને આપણા પીઢ કાર્યકર ધનસુખભાઈ પટેલ પોતાના નજીકના સગાંને ગુમાવતા જાય છે. એમના માતુશ્રી ઈચ્છાબેન ગોવિંદભાઈ પટેલનું તા. ૨૫-૩-૨૦૨૩ના રોજ દુ:ખદ અવસાન થયું છે. સત્યશોધક સભા તરફથી એમને અને એમના ભાઈ મનોજભાઈ તેમ જ કુટુંબીજનોને ઉંડા દીલની સહાનુભુતી. મનોજભાઈ તરફથી ઈચ્છાબેનના સ્મરણાર્થે સત્યશોધક સભાને રૂા. ૧૧,૦૦૦/- નું દાન મળ્યું છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.**

## આપણા બંધારણને કારણે જ !

**–એન. વી. ચાવડા**

વાસ્તવીકતા એ છે કે આપણી પ્રજાને ખોટો ઈતીહાસ નીરંતર ભણાવીને તેને પથભ્રષ્ટ ચરીત્રહીન અર્થાત્ વીચાર-વાણી અને વર્તનમાં ભીન્ન અને પરસ્પર વીરોધવાળી બનાવી દેવામાં આવી છે. તેથી આજે તેને પ્રથમ તેના સાચા ઈતીહાસને જાણવાની આવશ્યકતા છે. આપણો ઈતીહાસ કહે છે કે ૧૧મી સદીમાં જયારે આપણા દેશમાં ગીતાની વર્ણવ્યવસ્થાના કાયદાઓનું શાસન હતું ત્યારે સ્ત્રીઓ અને શુદ્રોને પોતાનો વીકાસ કરવાની સમાન તક અને પોતાનાં વીચાર, વાણી અને વ્યકતીત્વની  અભીવ્યકતીની સ્વતંત્રતા નહોતી, ત્યારે સ્ત્રીઓ અને શુદ્રોનું જીવન પશુથીયે બદતર હતું. તે સમયે દેશમાં કરોડો વીધવાઓ અને લાખો બાળવીધવાઓ અસ્તીત્વ ધરાવતી હતી. એ અવસ્થામાં પણ એમના ઉપર અમાનુષ અત્યાચારો થતા હતા. તેમને પુનર્લગ્નનો અધીકાર નહોતો. મૃત પતીની પાછળ તેને જીવતી જલાવી દઈને સતી બનાવી દેવામાં આવતી હતી. આજે આપણા દેશમાં ભારતીય બંધારણનું વર્ણવ્યવસ્થાવીહીન, લોકશાહી અને ધર્મનીરપેક્ષ એવું સમાનતા અને સ્વતંત્રતાનું શાસન બને તેની ખાતરી મળવાથી સ્ત્રીઓ ઉપરોકત અત્યાચારોથી મુકત થવા માંડી છે. આજે તો સ્ત્રીઓ પોતાના મૃત સ્વજનોની નનામીને કાંધ દઈને સ્મશાને જઈ શકે છે, તેમને અગ્નીદાહ દઈ શકે છે, જીવનના દરેક ક્ષેત્રમાં અને લશ્કરમાં પણ તે યથાયોગ્ય પદવી પ્રાપ્ત કરી શકે છે, મૈત્રી કરાર પણ કરી શકે છે, આજીવન કુમારીકા રહીને અન્યના પુત્ર કે પુત્રીને ગોદ પણ લઈ શકે છે, અને એવું ઘણું. સ્ત્રીઓને આ બધાં માનવીય અધીકારો ભારતીય બંધારણને કારણે મળ્યાં છે. શુદ્રોને પણ સમાનતા અને સ્વતંત્રતા માત્ર ભારતીય બંધારણને કારણે જ મળવા માંડી  છે. આજે આપણા દેશમાં ૧૧ મી સદીની જેમ કોઈ વીદેશી હુમલાખોર આવીને આપણને મારીને, લુંટીને, મંદીરો-મુર્તીઓ તોડીને આપણને ગુલામ બનાવી શકે એમ નથી કારણ કે વર્ણવ્યવસ્થાવીહીન બંધારણે આપણને એક અને મજબુત બનાવવા માંડયા છે.

## કાયદાનું પાલન ?

બેંજામીન ફ્રેંકલીને જણાવેલું કે ખુબ શીથીલ એવા કાયદાને ભાગ્યે જ લોકો માને છે, તો ખુબ કડક એવા કાયદાનો ભાગ્યે જ અમલ થાય છે. એનો અર્થ એ કે લોકોને કાયદા થકી પ્રગતીના પંથે લઈ જવા હોય તો કાયદા પણ મધ્યમમાર્ગી હોવા જરુરી છે. અનુમાન કરવાથી લોકો કાયદા પાળશે. બીજી બાજુ પાલન કરાવનાર તંત્રને એવું લાગશે કે થોડો પ્રતીકાર થાય તો તેને પહોંચી વળાશે. તો તેઓ પાલન કરાવશે.

# રેશનાલીસ્ટોનું એક અભુતપૂર્વ સંમેલન–૩

**–સુર્યકાન્ત શાહ**

(તા. ૨૮-૨૯ જાન્યુ.'૨૩ ના રોજ ગોધરામાં ગુજરાત મુંબઈ રેશનાલીસ્ટ એસો. અને ગોધરાના હ્યુમેનીસ્ટ રેશનાલીઝમ એસોસીએશન યોજીત સંમેલન 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રકથી આભુષીત ડૉ. સુજાત વલીની રાહબરી હેઠળ યોજાયું. એમાં વીવીધ બેઠકોનાં વીવીધ વકતાઓએ વીવીધ વીષયો પર પોતાના અનુભવોનાં ભાથાં સહીત વીદ્વતાપુર્ણ વ્યાખ્યાનો આપ્યાં. ગત તા. ૧૫-૨-૨૩ના 'સત્યાન્વેષણ'ના અંકથી એની બેઠક દીઠ અહેવાલો આપવાનું શરુ કર્યું છે. આજના અંકમાં અહેવાલ આગળ - સુ.)

બીજી બેઠકમાં, **પ્રમુખસ્થાને મનીષી જાની અને વકતા હેમંતકુમાર શાહ હતા. વીષય હતો 'તર્ક અને રેશનાલીઝમ'.** બેઠકની શરુઆતમાં જાનીએ જણાવ્યું કે એક હકીકત તરીકે આપણું શરીર તો અસ્તીત્વમાં છે, પરંતુ એમાં આત્મા નામનું કહેવાતું કોઈક તત્ત્વ હોવાના તાર્કીક પુરાવા મળતા નથી. નથી એક હકીકત તરીકે દશ્યમાન થતું. આથી જયારે સમાજ અંગે વીચારવાનું થાય ત્યારે આ શરીર અને તેમાં સમાવીષ્ટ આપણા મગજની બુદ્ધી-તાર્કીક શકતીને પીછાણવી પડે. આ સંદર્ભે આપણે સમજવું જોઈએ કે સમાજ વ્યકતીઓનો માત્ર સરવાળો નથી, પરંતુ વ્યકતી વ્યકતી વચ્ચેના સંબંધો સમાજને બનાવે છે. આ સંદર્ભે તાર્કીક રીતે તપાસતા એવું માલુમ પડે છે કે વ્યકતીવાદીતા જરુરી તો છે જ, પરંતુ તે સમાજલક્ષી તો રહેવી જ જોઈએ.

જાનીએ આટલી બાંધણી બાંધ્યા પછી હેમંતકુમાર શાહે 'તર્ક અને રેશનાલીઝમ' અંગે પોતાનાં મંતવ્ય આપતા જણાવ્યું કે આપણે સૌએ સમજવું જોઈએ કે આપણા વીચારોથી જ આપણે, આપણે છીએ. જુદી જુદી દ્રષ્ટીએ તર્કના વીવીધ પ્રકાર પડે છે. વીજ્ઞાનને કેન્દ્રમાં રાખીને જે તર્ક કરાય તે હકીકતોનું વીશ્લેષણ કરી તેમાંના સામાન્ય અને સાર્વત્રીક તત્ત્વને શોધે છે. એ શોધાય છે ત્યારે તે સમયનું એ સત્ય બને છે. આ તર્ક થકી જ વૈજ્ઞાનીક અભીગમ અપનાવી શકાય છે. એ જ પ્રમાણે બુદ્ધી આધારીત તર્કમાં વધુ ને વધુ ચીંતનની અપેક્ષા રખાય છે કે જેથી તર્ક વધુને વધુ શુદ્ધ થાય. બૌદ્ધીક ક્ષમતાની મર્યાદા આ તર્કના ઉપયોગની સીમા નકકી કરે છે. વીજ્ઞાનને હકીકતો અને તેની તપાસ સાથે ગાઢ સંબંધ છે. જે દાવાનું સમર્થન પણ નહીં થઈ શકે કે એનો ઈનકાર પણ નહીં શકે તે દાવા સાથે વીજ્ઞાનને

સંબંધ નથી. એવા દાવા ધુમાડામાં ભરાતાં બાચકાં જેવા છે. આપણે વીવીધ પ્રકારના સમુહોમાં રહીએ છીએ. કુટુંબ, વીવીધ સંસ્થાઓ, સમાજ, બજાર, રાજય, ધર્મ જેવા અનેક સમુહો છે. આ સમુહો અને તેમાંયે ખાસ કરીને રાજય અતાર્કીક વર્તનથી પર રહેવા જોઈએ. રાજ્ય જેટલું અતાર્કીક વર્તન કરશે એટલી દરેક વ્યકતી અને સમગ્ર પ્રજા દુઃખી થશે.

અતાર્કીક વર્તન એટલે લોકશાહી મુલ્યોનો હ્રાસ, સંવાદ અને વીવાદને દેશવટો, પ્રજાએ સ્વીકારેલા અને લોકશાહી મુલ્યોને પોષતા કાયદાઓનો અભાવ અથવા લોકશાહીયુકત કાયદાઓના અમલમાં નાદારી અને સરમુખત્યારશાહીને આમંત્રણ. રેશનાલીસ્ટોએ પણ સમજવું જોઈશે કે એમને એક યા બીજા કારણે થોડીઘણી સત્તા મળી હોય તો એમણે એનો તાર્કીક ઉપયોગ જ કરવાનો છે. ડૉ. સુજાત વલીએ આભાર માન્યો હતો.

ત્રીજી બેઠકમાં **જગદીશ પટેલે ‘રેશનાલીઝમ સામેના પડકારો’** અંગે પોતાનાં મંતવ્યો દર્શાવ્યા. **શ્રી ડંકેશ ઓઝા પ્રમુખસ્થાને** હતા. પટેલે જણાવ્યું કે રેશનાલીઝમ સામે સર્વ દીશામાંથી પડકારો છે. એની સામે રેશનાલીસ્ટોએ પોતાની વાતો મુકવાની છે. આથી રેશનાલીસ્ટોએ લોકભાષામાં, લોકો સમક્ષ તેઓને સમજાય એ રીતે રેશનાલીઝમના સંદેશા આપવા જોઈએ. પડકાર તો ઘરમાંથી જ શરુ થાય છે. આમ છતાં, ઘરમાં શકય એટલો મનમેળ જ રાખવો. મોટા ભાગના લોકોને બાળપણથી વહેમ, અંધશ્રદ્ધા અને ધર્મના કુસંસ્કાર પડે છે. આ કુસંસ્કારને ધોવાનું કામ, ખૂબ મહેનત અને ધીરજ માંગે છે. રેશનાલીસ્ટો પાસે આ બન્ને ગુણ હોવા જરુરી છે. આ કુસંસ્કાર એટલા ઘટ્ટ છે કે વીદેશોમાં રહીને પણ આપણા એન. આર. આઈ. ભકતીના ગાંડા-ઘેલા કાઢે છે ! અવીવેકી રાજયસત્તા, ભણેલાઓની સંવેદનશીલતાનો અભાવ, બીનરાજકીય સંસ્થાઓનો ઘટતો પ્રભાવ અને બહુમતીવાદ જેવા પડકારો રેશનાલીસ્ટોએ બરાબર સમજવા જોઈએ. આ બરાબર સમજીને કળેવળે આ બધાનો પ્રભાવ ઘટે અને રેશનાલીઝમનો સ્વીકાર વધે તે જ રેશનાલીસ્ટોની કસોટી છે. રેશનાલીસ્ટોએ ખાસ સમજવું પડશે કે તંદુરસ્ત અને ધબકતી લોકશાહીમાં જ તેઓ આ કામ કરી શકશે. પ્રમુખસ્થાનેથી બોલતા ડંકેશ ઓઝાએ જણાવ્યું કે બંધારણની ભાવનાનો અનાદર, જાતીવાદ અને કોમવાદના ફેલાતા જતા ઝેરને આપણે સમજીએ. આ સમજયા પછી રેશનાલીસ્ટો તેમાં જાણે-અજાણ્યે ફસાઈ નહીં જાય તેની સતર્કતા રાખે. લોકોને જેટલું સમજાવી શકાય તે સમજાવીને આ ઝેરથી એમને અળગા કરવાના પ્રયત્નો કરવા જોઈએ. ડૉ. સુજાત વલીએ આભારવીધી કરી હતી.

# ગીતાનું તાર્કીક વીશ્લેષણ–૧

**–પ્રવીણ ગઢવી**

કોઈ સામાન્ય બુદ્ધીની વ્યકતી પણ સમજી શકે કે મહાભારત યુદ્ધ શરુ થવાનું હોય ત્યારે બધું થંભાવી દઈને કોઈ અઢાર અધ્યાયની ગીતા સાંભળી ન શકે.

મહાભારત લોકપ્રીય ગ્રંથ બની ગયો હતો, ત્યારે કોઈ ચતુર તત્ત્વજ્ઞાનીને સૂઝયું હશે કે 'મારા તત્ત્વજ્ઞાન વીષયક વીચારો કૃષ્ણ-અર્જુન સંવાદ રુપે ગોઠવી દઉં. જેથી મહાભારત વાચક-શ્રોતા કથા સાથે એને પણ વાંચે.'

આમ મહાભારત કથા વચ્ચે ભગવદ્ ગીતાની ગોઠવણી ખૂબ ચતુરાઈપુર્વક કરવામાં આવી છે, તે સમજાય તેવું છે. સાત જેટલી અન્ય ગીતાઓ પણ છે. અનુગીતા મહાભારત યુદ્ધના અંતમાં મુકવામાં આવી છે.

ગીતા એ ઉપનીષદોનો સાર છે. ઉપનીષદોનું દોહન છે. ઉપનીષદોના વીવીધ વીચારોનો શંભુમેળો છે. વીવેકાનંદે સરસ કહ્યું છે કે, 'ગીતામાં ઉપનીષદના બગીચાનાં ફુલોની સુંદર ગોઠવણી કરવામાં આવી છે.'

આમ સૌ સ્વીકારે છે કે ગીતા એ કોઈ સ્વતંત્ર તત્ત્વજ્ઞાનનું પુસ્તક નથી, પરંતુ તત્ત્વજ્ઞાન-સંહીતા છે. ઉપનીષદોના કેટલાય શ્લોકોને ગીતામાં યથાવત ગોઠવી દેવામાં આવ્યા છે.

ગીતામાં કર્મ. જ્ઞાન, ભકતી અને યોગ એમ સઘળા માર્ગની પ્રશંસા કરવામાં આવી છે. મહત્તા દર્શાવી છે. એ કાળે વીવીધ મત દારાવતા તત્ત્વચીંતકો વચ્ચે વીવાદો હશે. હંસાતુંસી હશે, એનું શમન કરીને ગીતામાં સઘળા મતમતાંતરોને સ્થાન આપવામાં આવ્યું છે. આત્મજ્ઞાનના વીરોધી એવા ચાર્વાક મતની ટીકાને પણ ગીતામાં સ્થાન મળ્યું છે ! અર્જુન વીર યોદ્ધો હતો. બાણાવલી હતો, પરંતુ સહૃદયી હતો. કુરુક્ષેત્રમાં એના પ્રપીતામહ ભીષ્મ, ગુરુ દ્રોણ અને ગમે તેવા તોય દુર્યોધન અને એના અઠ્ઠાણું ભાઈઓ (કેમ કે એક કૌરવ પાંડવોના પક્ષે આવ્યો હતો) ને સામે શસ્ત્રસજ્જ થયેલા જોઈ એ હચમચી જાય છે ! 'અરેરે, મારે આ પીતા, ગુરુ અને સહોદરોને મારવાના ?' એટલે ખરેખર અર્જુન બુદ્ધના માર્ગે હતો. 'રાજ્ય માટે થઈને શા માટે આવી નીરર્થક હીંસા કરવી ?' ખરેખર ગાંધીજીએ તો કૃષ્ણની નહીં, અર્જુનની પ્રશંસા કરવી જોઈતી હતી !

આમ અર્જુન સન્માર્ગે હતો. એને કૃષ્ણે ગીતાના અઢાર અધ્યાયથી સમજાવી-પટાવી યુદ્ધ માટે તૈયાર કર્યો. ખરેખર કૃષ્ણે તો યુદ્ધ અટકાવવું જોઈતું હતું. તેને બદલે અર્જુનને ઉશ્કેર્યો.

મહાભારતમાં સત્ય પાંડવ પક્ષે હતું. એમ સચોટતાથી કહી શકાય એમ નથી, કેમ કે ધૃતરાષ્ટ્ર વીચીત્રવીર્યના જયેષ્ઠ પુત્ર (ભલે વ્યાસથી થયા) હતા. તેથી હીન્દુ પરંપરા મુજબ સીંહાસનના તે જ અધીકારી કહેવાય, પરંતુ અંધ હોવાથી ભીષ્મે પાંડુને રાજા બનાવ્યા. પાંડુ ગુજરી ગયા એટલે ભીષ્મે ધૃતરાષ્ટ્રને રાજા બનાવ્યા. સીંહાસનનો અધીકાર જયેષ્ઠ દુર્યોધનને મળે તે સ્વાભાવીક છે. પાંડવોની જીદને કારણે ધૃતરાષ્ટ્રે એમને વારણાવત અને ઈન્દ્રપ્રસ્થ આપ્યું. જુગારી યુધીષ્ઠીર બે વાર તેમનું રાજય હારી ગયા, અને જુગારની શરતાનુસાર વનવાસી થવું પડયું. વનવાસથી પરત આવીને પોતાનું રાજ પાછું માંગ્યું ત્યારે દુર્યોધન નામક્કર રહ્યો. આ પરીસ્થીતીમાં દુર્યોધન કે યુધીષ્ઠીર કોને સત્યના પક્ષે ગણવા ?

કૃષ્ણ કુંતીના ભત્રીજા હતા એટલે સ્વાભાવીક તેઓ પહેલેથી જ પાંડવપક્ષે હતા. તે યોગ્ય જ છે, પરંતુ તેઓ સત્યપક્ષે હતા, એમ ન કહી શકાય. પાંડવમીત્ર હતા તેથી પાંડવોને સહયોગ આપવો એ તેમની ફરજ ગણાય. કૃષ્ણે અર્જુનને સમજાવ્યું કે, 'જેમ બાળપણ, યુવાની, વૃદ્ધાવસ્થા ક્રમશઃ પ્રાપ્ત થાય છે એમ મૃત્યુ પણ પ્રાપ્ત થાય છે. (મૃત્યુ પછી) બીજું શરીર મળે છે. (2-13) આત્મા નાયં હંતી ન હન્યતે (આત્મા કોઈને હણતો નથી, હણાતો નથી.) ન હન્યતે હન્ય માને. (હણાવા છતાં હણાતો નથી.) (2-19/20).' દરેક શોકાંજલીમાં આ શ્લોક મુકવામાં આવે છે :

નૈનં છીદંતી શસ્ત્રાણી, નૈનંદહતી પાવકઃ

ન ચૈનં કલેદયન્ત્યાયો ન શોષયતી મારુતઃ (2-23)

અર્થ જાણીતો છે : આત્માને શસ્ત્રો છેદી શકતા નથી, અગ્ની બાળી શકતો નથી, પાણી ઓગાળી શકતું નથી. પવન સુકવી શકતો નથી.

આત્મા અમર છે એ ખ્યાલ પ્રથમ વાર ઉપનીષદોમાં દેખા દે છે. આ ખ્યાલ પ્રાચીન ઈજીપ્તવાસીઓને પણ હતો, એટલે જ રાજા પોતાની મમીઓ બનાવતા. આત્મા અમર છે. સ્વર્ગ-નરકમાં જાય છે. આ ખ્યાલો ઈજીપ્તમાંથી યહુદી ધર્મ (અને તે દ્વારા ખ્રીસ્તી-ઈસ્લામમાં) આવ્યા. તે જ દરીયાપારના વેપારવણજને કારણે ભારતમાં આવ્યા હોવા જોઈએ કેમ કે વેદમાં આ ખ્યાલ નથી.

પ્રાણીમાત્રને મૃત્યુ અપ્રીય છે. પ્રાણી તો મૃત્યુને સમજતાં જ નથી. વાંદરી એના મૃત બચ્ચાને લઈ દીવસો સુધી ફરે છે. માનવીને પણ મૃત્યુ ગમતું નથી એટલે સ્વીકારતો નથી. અને તેથી મન મનાવે છે કે, 'આત્મા મરતો નથી. આત્મા બીજો જન્મ લે છે.' તેમાંથી વીશ્વના ધર્મોમાં આત્માના અમરત્વનો ખ્યાલ આવ્યો લાગે છે.

'જીવાપેતં વાવ કીલેદં પ્રીયતે ન જીવો પ્રીયત (શરીર મરે છે, પણ આત્મા મરતો નથી.) (છંદોગ્ય 6-11-1-3)

ઈયળ તૃણની ટોચ પરથી બીજા તૃણની ટોચ પર સરકે છે, એમ આત્મા એક શરીર છોડી બીજા શરીરમાં જાય છે.' (બૃહદારણ્યક 4.4.2.6)

જીવ વીજ્ઞાનનો સામાન્ય વીદ્યાર્થી પણ જાણે છે કે શરીરના દરેક કોષમાં ચૈતન્ય રહેલું હોય છે. તે સર્કીટ તુટી જવાથી શરીર નાશ પામે છે. શરીરમાં કોઈ એક ઠેકાણે આત્મા (ચૈતન્ય) હોતો નથી. મગજ માત્ર સંચાલન કરે છે. તેમાં હૃદય, ઉદરપટલ, કીડની, લીવર આદી તેના સંપુર્ણ નીયંત્રણમાં નથી. (હૃદય બંધ પડી જાય તો મગજ લોહીના અભાવને કામ કરતું બંધ થઈ જાય છે).

વળી પાણી, માટી અને સુર્યપ્રકાશના સંયોજનથી આશરે બે અબજ વર્ષ પહેલા અમીબા જીવ ઉત્પન્ન થયો. કરોડો વર્ષની સતત ચાલતી ઉત્ક્રાંતીથી છેલ્લે પચાસ લાખ વર્ષ પહેલાં મનુષ્ય ઉત્પન્ન થયો. પચાસ હજાર વર્ષ પહેલા પથ્થરનાં સાધનો, ગુફા, ચર્મ, અગ્નીનો ઉપયોગ કરતો થયો, અને છેલ્લા પાંચ હજાર વર્ષથી જીવ-જગત વીશે, સમાજ બંધારણ વીશે વીચારતો રહ્યો.

આટલું સ્પષ્ટ વીજ્ઞાન હોવા છતાં વીજ્ઞાનના અભ્યાસીઓ પણ આત્માના અમરત્વમાં માને છે તે નવાઈ પમાડે છે. (આવા લોકો વીજ્ઞાન ભણ્યા, પણ ગણ્યા નથી એમ કહી શકાય !)

વળી, આત્મા હણાતો નથી તો ખુનીઓને ફાંસીની સજા શા માટે ?

'જાતસ્ય હી ધ્રુવો મૃત્યુધનં જન્મ મૃત્યુસ્ય ચ (2-27) ક

જન્મેલાનું મૃત્યુ નીશ્ચીત છે, (તે સત્ય છે). પરંતુ મરેલાનો જન્મ નીશ્ચીત છે એમ કહેવું વૈજ્ઞાનીક નથી, કેમ કે તેનો કોઈ પુરાવો હજી મળ્યો નથી. બીજે જન્મ લેનારા પોતાના પુર્વ જન્મના પતી, પત્ની, બાળકોને મળવા કદી આવતા જોયા નથી !

વળી કૃષ્ણ તો બીજી દલીલ કરે છે. 'ક્ષત્રીય માટે ધર્મયુકત યુદ્ધથી વધારે કોઈ કલ્યાણકારી કર્તવ્ય નથી. (2-31) જો તું આ ધર્મયુદ્ધ નહી લડે તો સ્વધર્મ અને કીર્તી તું ગુમાવીશ, પાપી થઈશ.' (2-33)

રાજગાદી માટેના યુદ્ધને ધર્મયુદ્ધ કેવી રીતે કહેવાય ? અનૈતીક આચાર તો બંને પક્ષે થયેલો છે. અભીમન્યુની હત્યા, કર્ણ-જયદ્રથ-દુર્યોધન-જરાસંઘ વધ એ સર્વમાં કૃષ્ણે કુટીલ આચરણ કર્યુ જ છે.

'જય-પરાજય, લાભ-હાની, સુખ-દુ:ખને એક સમાન માની યુદ્ધ માટે કટીબદ્ધ થા. આ પ્રમાણે માનવાથી તને પાપ લાગશે નહી.' (2.35) આવું મુર્ખ તો કોણ હોય ? એટલે કોઈ

વકીલની જેમ યેનકેન પ્રકારેન કૃષ્ણ અર્જુનને યુદ્ધ કરવા ઉશ્કેરે છે.

'કર્મણ્યે વાધીકારસ્તે (2-47) અત્યંત પ્રસીદ્ધ શ્લોક અને ખ્યાલ છે. કર્મ કરવાનો જ તારો અધીકાર છે. ફળની અપેક્ષા ન રાખીશ.' શું આ શકય છે ? સ્પર્ધાત્મક પરીક્ષા આપી પાસ થઈ અધીકારી પ્રોફેસર, ડોકટર, વકીલ આદી ન થવાનું હોય તો પરીક્ષા કોણ આપે ?

એક બાજુ ઉપનીષદોમાં એમ પ્રસ્થાપીત કરાયું છે કે સદ્કર્મીને સ્વર્ગ અને ખોટા કર્મ કરનારને નર્કે મળે છે. વળી મહાવીર મુજબ જપ-તપ-ઉપવાસ કરી કર્મોને બાળી નાંખવાથી મોક્ષ મળે છે. તો કૃષ્ણકથન પ્રમાણે જો કર્મફળ ન હોય, સ્વર્ગ ન મળવાનું હોય તો સદકર્મ કરવાની શી જરૂર ?

વળી એક દલીલ : 'કાચબો જેમ અંગ સંકોરી લે છે, તેમ તું ઈન્દ્રીયોને સંકોરી લઈને સ્થીતપ્રજ્ઞ થા. કશો વીચાર ન કર. લાગણીહીન થા. નીસ્પૃહ થા.' (2-71)

ગીતામાં આવા પુરુષને સ્થીતપ્રજ્ઞ અર્થાત્ જડબુદ્ધીનો કહેવામાં આવ્યો છે. જે આનંદ પ્રસંગે હસે નહીં, શોક પ્રસંગે રડે નહીં, તેને લોકો શું કહે ? મુર્ખ, જડ, પથ્થરહ્દયી, આત્મચીંતન  કરનારો શું આવો હોય ?

અર્જુન કૃષ્ણને કહે છે કે, 'તમે કર્મ કરતાં (બ્રહ્મ) જ્ઞાનને ચઢીયાતું માનો છો તો મને શા માટે કર્મ (યુદ્ધ)માં ધકેલો છો ? તમે ભ્રામક વચનથી મને ભરમાવી રહ્યા છો !' (3-2) અર્જુન સાચો છે કેમ કે ગીતામાં દર્શનોની વીસંવાદીતા જોવા મળે છે.

'કર્મ કર્યા વગર કોઈ રહી ન શકે. (3-5). કર્મ ન કરવા કરતાં કર્મ કરવું શ્રેષ્ઠ.' (3-8) હવે યજ્ઞ મહીમા. 'પ્રાણીઓ અન્નથી, અન્ન વરસાદથી, વરસાદ યજ્ઞથી અને યજ્ઞ કર્મથી, કર્મ વેદથી વેદ પરમાત્માથી ઉત્પન્ન થાય છે.' (3-14/15)

પ્રાણીઓ અન્નથી અને અન્ન વરસાદથી ઉત્પન્ન થાય તે તો ઠીક, પરંતુ વરસાદ યજ્ઞથી કેવી રીતે થાય ? તો તો ભારતમાં દુકાળ પડતા જ ન હોત ! દુકાળમાંય પર્જન્ય યજ્ઞ કરવાથી કાકતાલીય ન્યાયથી વરસાદ આવે પણ ખરો, ને ન પણ આવે ! પરંતુ કર્મવેદથી અને અને વેદ પરમાત્માથી ઉત્પન્ન થયા છે. તે ન સમજાય તેવું છે. વેદમાં કર્મકાંડ વીધી બ્રાહ્મણોએ દાખલ કરી છે અને વેદ 400 જેટલા ઋષીઓએ રચ્યા છે.

'આસકતી વીનાનો થઈ કર્મોને કરતો રહે કેમ કે તેવી વ્યકતી પરમાત્માને પામે છે.' (3-19) અર્થાત ઉંધુ ઘાલીને કર્મો કરતા રહો તો પરમાત્માને પામો ! ઘાંચીનો બળદ અવશ્ય પરમાત્મા પામતો હશે !

'રજોગુણમાંથી ઉદભવેલો કામ જ ક્રોધ છે. ભોગોથી અતૃપ્ત મહાપાપી છે. (૩-૩૭) ધુમાડાથી અગ્ની, મેલથી દર્પણ, ઓરથી ગર્ભ ઢંકાયેલો રહે છે, તેમ કામ (ઈચ્છા) થી જ્ઞાન ઢંકાયેલું રહે છે.' (3-38) ઈચ્છા વગરનો માણસ હોઈ શકે ? ભુખની, કામની, જ્ઞાનની, જનસેવાની, દાનની, સત્તાની એમ અનેક ઈચ્છાઓથી મનુષ્ય જીવે છે. 'ઈચ્છાઓ ઘોડા હોત તો ગરીબો તેના પર સવાર હોત' તેવી અર્થશાસ્ત્રીય કહેવત જાણીતી છે.

ચોથા અધ્યાયમાં ગીતાકાર જ્ઞાનકર્મ સંન્યાસ યોગ પર આવી જાય છે. કૃષ્ણ આ યોગમાં સુર્યને, 'સર્વ વૈવસ્વત મનુને, મનુએ ઈક્ષ્વાકુને કહ્યો (4-1) પરંતુ પછી ભુલાઈ ગયો.' (4.2). હવે આ રહસ્યમય યોગ ભગવાન કૃષ્ણ અર્જુનને કહે છે (4-3). વળી તે ગુપ્ત રાખવા યોગ્ય છે. 'તો ગીતામાં શા માટે જાહેર કર્યો ?' એવો પ્રશ્ન થાય.

હવે અનેક જન્મોની વાત આવે છે. અર્જુન પુર્વજન્મને નથી જાણતો, પણ કૃષ્ણ જાણે છે. (4-5). હવે વારંવાર ઉલ્લેખાતો શ્લોક-

યદા યદા હી ધર્મસ્ય ગ્લાનીભવતીભારત....(4-7/8)

જ્યારે જ્યારે વીશ્વમાં ( કે ભારતવર્ષમાં) અધર્મ ફેલાય છે ત્યારે ત્યારે સાધુપુરુષોના ઉદ્ધાર માટે. પાપીઓના વીનાશ માટે. ધર્મની સ્થાપના અર્થે હું જન્મ લઉં છું.'

અર્થાત્ મનુષ્યને કર્મફળ અનુસાર જન્મ-મરણ મળ્યા કરે, પરંતુ પરમાત્મા તો અધર્મ થાય ત્યારે જ પૃથ્વી પર ઉતરી આવે. અત્યારે કલીયુગમાં અધર્મની હદ આવી ગઈ છે, ત્યારે ભગવાન કેમ અવતાર લેતા નથી ? તેવી વીમાસણ અવશ્ય થાય ! 'ચતુર્વર્ણ મેં ગુણકર્મ અનુસાર સર્જ્યા છે.' (4-13). વેદોમાં વર્ણાશ્રમ વ્યવસ્થા શરુ થઈ. તે કર્માનુસાર થઈ. કેટલાક આર્યો પુરોહીત, તો કેટલાક ક્ષત્રીય, કેટલાક વૈશ્ય અને કેટલાક ક્ષુદ્ર થયા. તેઓ આર્યો જ હતા એટલે કે, અન્યથા સમાન હતા. શુદ્રોને અસ્પૃશ્યતાનું કલંક વેદો પછી લાગ્યું. ગુણ-અર્થાત્ શકતી અનુસાર વર્ણોમાં વીભાજન થયું. તો જન્મ આધારીત કેમ અને કયારે થયું ? ગીતામાં તો એવું કહેવાયું નથી.

'કર્મ અકર્મ, વીકર્મનું સ્વરુપ જાણવું જોઈએ. કર્મની ગતી ગહન છે. (4-17). કર્મમાં અકર્મ, અકર્મમાં કર્મ જુએ તે બુદ્ધીશાળી (4-18) કામના વીના કાર્યો કરે છે તેનાં કર્મો જ્ઞાનાગ્ની દ્વારા બળી ગયા છે, તે પંડીત કહેવાય.' (4-19). મથુરાના પંડીત (પંડા) તો દક્ષીણા વગર કામ કરતા નથી એટલું જ નહી પરાણે પડાવે છે ! 'કશાયની વેદના નથી ઈન્દ્રીયો જીતી છે. ભોગોને ત્યાગ્યા છે. શારીરીક કાર્યો કરતો રહે છે. તેને પાપ લાગતું નથી.' (4-21). આવા વીરલા તો કોઈક જ હોય ! સામાન્ય જન તો ખેવના વીનાનો કેવી રીતે હોય ?

પશુયજ્ઞો, અન્નયજ્ઞો બદનામ થયા એટલે ઉપનીષદોએ યજ્ઞોને તુટેલી નૌકા જેવી કહ્યા. ગીતામાં પણ યજ્ઞનું સ્વરુપ બદલી દેવામાં આવ્યું છે, 'બ્રહ્મયજ્ઞ સુવા (લાકડાની કડછી). જલ, તલ, ઘી, હોમવા. ક્રીયા અને યજ્ઞનું ફળ - સર્વ બ્રહ્મ હોય છે !' (4-87) તો પછી જલ, તલ, ઘી હોમીને થતા યજ્ઞોને યજ્ઞો ન જ કહેવાય ને ? ગીતાકથીત બ્રહ્મયજ્ઞો કેમ થતા નથી ?

'કેટલાક હૃદયથી , કેટલાક તપથી, કેટલાક અષ્ટાંગ યોગથી, અને કેટલાક સ્વાધ્યાયથી જ્ઞાનયજ્ઞ કરનારા છે. (4-28) ગીતામાં આ જ્ઞાન બુદ્ધ-મહાવીર પાસેથી મળ્યું લાગે છે, કેમ કે, તેમણે જ જ્ઞાનયજ્ઞની વાત કરી હતી. ખરો યજ્ઞ જ્ઞાનનો અર્થાત્ વીજ્ઞાનનો જ છે. શ્લોક 4-33 માં વીશેષ સ્પષ્ટતા કરવામાં આવી છે કે, 'દ્રવ્ય યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ ઉંચો છે.' તો પછી આ નવચંડી, લક્ષચંડી યજ્ઞોનો નીરર્થક ધુમાડો શાને ? 'જ્ઞાન રુપી અગ્ની સમગ્ર કર્મોને ભસ્મીભુત કરે છે !' (4-37) અહીં જ્ઞાન એટલે અધ્યાત્મ-આત્મજ્ઞાન, વીજ્ઞાન નહીં, 'જ્ઞાન જેટલું પવીત્ર કરનાર કોઈ નથી' (4-38) નીરર્થક આત્મજ્ઞાન કરતાં ભૌતીક જ્ઞાન હોય તો કેવું સારું ?

'સંશયાત્મા વીનશ્યતી' (4-40) એટલે અંધશ્રદ્ધા ન રાખે. શંકા કરે તેવા મનુષ્યને આલોક, પરલોક કશે સુખ નથી. અર્થાત્ તથાકથીત આત્મજ્ઞાન સામે શંકા ન કરવી. માની લેવું. આ તો આંખના પડળ બંધ કરવાની વાત થઈ. જ્ઞાન સંશય વગર પ્રાપ્ત થતું નથી. સુર્ય પૃથ્વીના આસપાસ ફરે છે. તે સામે આર્યભટ્ટે કે ગેલેલીયોએ શંકા ન કરી હોત તો અવકાશ વીજ્ઞાન જનમ્યું જ ન હોત !

અર્જુન વચ્ચે વચ્ચે મમરો સારો મુકે છે કે, 'કૃષ્ણજી, તમે કર્મ સંન્યાસની પણ વાત કરો છો, અને કર્મયોગની પ્રશંસા કરો છો તો જે હીતકર હોય તે કહો.' (5-1) તો કૃષ્ણ ઉત્તર આપે છે. 'કર્મ સંન્યાસ અને કર્મયોગ બંને હીતકર છે, પરંતુ કર્મયોગ સરળ હોવાથી જ્ઞાન યોગથી ચઢીયાતો છે. (5-3) દ્વેષ રહીત, આકાંક્ષાહીન કર્મયોગી સંન્યાસી જ સમજવા યોગ્ય છે.' અર્થાત્ કબીર, ગાંધી જેવા સંસારી સંન્યાસીનો યોગ્ય મહીમા કરવામાં આવ્યો છે. સ્વીકાર કરવામાં આવ્યો છે.

'સર્વ વ્યાપી વીભુ' ન તો કોઈના પાપ કે પુણ્ય કર્મ ગ્રહણ કરે છે.અજ્ઞાન વડે જ્ઞાન ઢંકાયેલું છે. તેનાથી અજ્ઞાની મોહ પામે છે.' (5-15) અર્થાત્ ભગવાન પાપ-પણ્યથી નીસ્પૃહ છે. અજ્ઞાન (આદીભૌતીક જ્ઞાન)થી જ્ઞાન (વીજ્ઞાન) ઠંકાયેલું રહે છે તેવો અર્થ કરવો યોગ્ય જણાય છે. 'પરમ તત્ત્વ'ના જ્ઞાનીજનો, બ્રાહ્મણ, ગાય, હાથી, કુતરા અને ચંડાલમાં ભેદ જોતા નથી.'(5-18) વાત સારી છે, પરંતુ આચાર ? વાસ્તવમાં બ્રાહ્મણ અને શુદ્ર વચ્ચે ભેદ જોનારા જ મહદંશે અધ્યાત્મવાદીઓ (રુઢીવાદીઓ) હોય છે.

'પ્રીયથી હર્ષ ન પામે. અપ્રીયથી અકળાય નહીં તે સ્થીરબુદ્ધીનો માનવો' (5-20) આને સ્થીરબુદ્ધીનો કહેવો કે જડબુદ્ધીનો ?' 'જીવતા જ કામક્રોધના વેગને રોકી શકે તે જ યોગી છે.' (5-23) આ વ્યાખ્યા મુજબ તો વીશ્વામીત્ર, વશીષ્ઠ, સહીત એકેય રૂષી યોગી ન કહેવાય ! કામ રોકનારા યોગી તો મળે, પરંતુ ક્રોધ ન કરનારા યોગી તો દુર્લભ ! અત્યારના યોગીઓ તો કામક્રોધ વચ્ચે ઝેર ઓકી રહ્યા છે ! 'બહારના વીષયભોગોનું ચીંતન કર્યા વીના દષ્ટીને બે ભ્રમર વચ્ચે સ્થીર કરીને ઈન્દ્રીય મન જીતનાર મોક્ષપરાયણ મુની કહેવાય.' (6-27, 28) રીસોર્ટ જેવા આશ્રમોમાં રહેનારા મુનીઓ તો આ પ્રમાણે મુની ન જ કહેવાય !

ઉંચા કર્મફળની આશા વગર કર્મ કરે તે યોગી-સંન્યાસી. ઠંડી-ગરમી, સુખ-દુઃખ, માન-અપમાનમ્પાં શાંત રહે તે પરમ આત્મા. ને જ્ઞાની કહેવાય.' (6-17) આવા જ્ઞાની કોઈક ! 'પવીત્ર ભુમી પર દર્ભ, ચર્મ, ચૈલ (વસ્ત્ર) પાથરી મન-ઈન્દ્રીયોને વશ કરી એકાગ્ર થઈને યોગાભ્યાસ થાય.' (6-12) અર્થાત્ આજે મનાય છે તેમ ચર્મ અસ્પૃશ્ય નથી. કશા કામ વગર, આંખો મીંચી મન-ઈન્દ્રીયોને વશ કરી બેસી રહેવું એ ધ્યાનનો મહીમા ખુબ વધી ગયો છે, પરંતુ મન મરકટ સમું-મન કદાપી વશ થાય નહીં. ઈન્દ્રીયોના આવેગ રોકી શકાય નહીં. આ બધું વીજ્ઞાનના નીયમોથી ઉલટું છે. શા માટે મનને સ્થીર કરવું ? શા માટે ઈન્દ્રીયનીગ્રહ કરવો ? આ સવાલાના જવાબ મળતા નથી. ખરેખર તો અભ્યાસ કે કામમાં ધ્યાન રાખીએ તે જ સાચું ધ્યાન કહેવાય. પ્રકૃતીએ ઈન્દ્રીયો યોગ્ય હેતુસર આપી છે. આંખ જોવા, કાન સાંભળવા, નાક ગંધ પારખવા, સ્પર્શ સપાટી ઓળખવા, જીભ સ્વાદ ઓળખવા અને કામેન્દ્રીય પ્રજનન અને કામાનંદ માટે આપી છે. તો તેને નીષ્ક્રીય કરવાનું ચીંતન કેમ અને કયાંથી પ્રગટ થયું તે સમજાતું નથી. વેદમાં આવું કયાંય નથી. સંસાર છોડી સંન્યાસી થઈ જનારા માટે આ બધું ઠીક છે, પરંતુ સાધારણ જન માટે બીનજરુરી છે.

વળી અધ્યાય-6 ના શ્લોક 16 માં બુદ્ધના મધ્યમ માર્ગના 'અતી સર્વત્ર વર્જયેત' વીચારનો સમાવેશ થયો છે. ખુબ ખાનાર, બીલકુલ ન ખાનાર, ઘણું ઉંઘનાર. ન ઉંઘનારાને યોગ સીદ્ધ થતો નથી. 'વાયુ વીનાના સ્થાનમાં જયોત સ્થીર છે તેમ યોગીનું મન સ્થીર રહે છે.' (6-19) ઉપમા સારી છે. પણ વ્યવહારીક નથી.

'કામનાઓને ત્યજી, ઈન્દ્રીયોને રોકી મન પરમાત્મામાં સ્થીર કરે તેને બ્રહ્માનંદ પ્રાપ્ત થાય છે.' (6-25, 27) અધ્યાત્મવાદીઓ સૌને બ્રહ્માનંદની ખુબ લાલચ આપે છે. તે આનંદ 'મુંગે લાલ કે સપને' જેવો હોય છે કેમ કે તેનું વર્ણન તો કોઈ કરી શકતા નથી. જયારે ઈન્દ્રીયોથી થયેલો આનંદ, સ્વાદીષ્ટ રસોઈનો આનંદ. સીતારના રણકારનો આનંદ તો સહજ અનુભવી શકાય છે, વર્ણવી શકાય છે. તો તે આનંદ છોડીને અગોચર એવા બ્રહ્માનંદની શોધમાં શાને જવું ? (ક્રમશઃ)

# રમણભ્રમણ એટલે ભ્રમહરણ

**–અલ્કેશ નાયક**

સત્યની ખોજ એક તરસ છે. મનુષ્ય માત્ર જન્મથી આ જીજ્ઞાસા લઈને પેદા થાય છે. બાળક સમગ્ર જગતને વીસ્મયતાથી અને કુતુહલતાથી જુએ છે. એની જીજ્ઞાસા, વીસ્મયતા અને કુતુહલતાને સમય જતાં ધર્મોની (ભગવાન ખુદા, ઈશુ) ડાળ મળી જાય છે. એ ડાળને મજબુતીથી પકડી લે છે. જેમાં ધર્મોએ રજુ કરેલ ધારણાઓ માન્યતાઓનાં તૈયાર ધોરણોમાં વીશ્વાસ પેદા કરી એ પુખ્ત વ્યકતી બની જાય છે. એની વીવેકશકતી પેદા કરવાની મનની કસરત બંધ થઈ જાય છે. બીજી બાજુ જે વ્યકતીને સત્યની ખોજ કરવી હોય તે સતત સંશયો કરી ધારણાઓ માન્યતાઓ ધર્મગ્રંથો સામે સવાલ ઉઠાવે છે, અને એણે પકડેલી ડાળની સત્યતા, સતત જાગૃત રહીને તપાસે છે. જે ડાળ સત્યની નજીક લાગે તે ડાળને એ વધુ મજબુતાઈથી પકડવાનું શરુ કરે છે. જેને સત્યની ખોજ કરવી હોય તે હંમેશાં પરીવર્તીત હોય છે. તે કોઈ એક ડાળ પર કે કોચલામાં ફીટ થતાં નથી, પરંતુ હંમેશાં નવું જાણવાની, સમજવાની, શીખવાની કોશીશ કર્યે રાખે છે. આમ એ એક વૈજ્ઞાનીક અભીગમ ધરાવતી રેશનલ વીવેકશકતીવાળી વ્યકતી બને છે.

મારા પીતાજી અમૃતલાલ જે. નાયક, સચીન હાઈસ્કુલમાં આચાર્ય હતા. સ્કુલના વીશાળ કમ્પાઉન્ડમાં આચાર્યને રહેવા માટેનું ઘર હતું. તે સમયે સચીન 'માલગુડી ડેઈઝ' ધારાવાહીકના માલગુડી જેવું, અને હું માલગુડી ડેઈઝ ધારાવાહીકના સ્વામી જેવો. મારા તોફાનો અને જીજ્ઞાસા પણ સ્વામી જેવા જ. નાનો એટલે રાત્રે મમ્મીના ખોળામાં માથું મુકીને હીંચકે ઝુલતો. હીંચકે ઝુલતા ઝુલતા વીસ્મયતાથી આસમાનનું તારામંડળ જોયા કરતો. આકાશ તારા ચાંદ જોતા જોતા નાનકડા મનમાં અનેક સવાલો થતા કે, 'આટલું વીશાળ આકાશ, એમાં આટલા બધા ટમટમતા તારલા અને રોજ જુદા જુદા રુપમાં દેખાતો ચાંદને સમાવતા આટલા વીશાળ બ્રહ્માંડની રચના કેવી રીતે અને કોણે કરી હશે ?' તે જાણવાની જીજ્ઞાસા રહેતી. આકાશ પરથી નજર છત ઉપર જાય અને ત્યાં જીવ-જંતુનું ભક્ષણ કરતી ગરોળી દેખાતી. એકબીજાને મારીને જીવતી જીવસૃષ્ટી વીશે પણ મને કુતુહલ પેદા થતું. ત્યાં તો ખોરાકની શોધમાં પુંછડી પટપટાવતો કાળીયો કુતરો ઘરના આંગણામાં આવીને ઉભો રહે એની આંખોમાં દેખાતી લાચારી મને માયુસ કરતી. હું મમ્મીને એને કશુંક ખાવાનું આપવા આગ્રહ કરતો. મારી સ્કુલ એકદમ રેલવે સ્ટેશનને અડીને આવેલી. તે સમય સ્ટીમ એન્જીનનો અને બાળપણની

આંખોથી એ સ્ટીમ એન્જીન મહાકાય લાગતું. હું ખુબ જ વીસ્મય નયને નીયમીત આખી ટ્રેનને પસાર થતી જોયા કરતો. રેલવેના પાટા ઉપર ખુલ્લા પગે દોડવાની મજા માણતો. રેલવે પણ મારા માટે એક કોયડો હતી. હું બાળપણથી જ થોડોક અંતર્મુખી એટલે કોઈ મીત્ર રમવા માટે ન હોય તો પણ હું મારી જાત સાથે સંવાદ કરતો. એકલો જ સ્કુલના વીશાળ કંપાઉન્ડમાં ફરતો, કુતરાઓ સાથે મૈત્રી કરતો, સંવાદ કરતો, એમાં એક વખત કુતરાનાં દાંત લાગી ગયા, અને દુંટીની ફરતે ૧૪ ઈન્જેકશન લેવા પડેલા. સ્કુલના વીશાળ કંપાઉન્ડમાં આચાર્યને રહેવા માટેનાં ઘરની નજીકમાં સેવકનું ઘર હતું. સેવકનું કુટુંબ મોટું. ઘરમાં કોઈ ફર્નીચર નહીં. ચુલા ઉપર રસોઈ થાય. એમની ગરીબાઈ પણ મનમાં અનેક પ્રશ્નો ઉભા કરે. સેવકનાં બાળકો સાથે રમતો ત્યારે એમની ખુબ દયા આવતી. હંમેશાં તેમને મારી શકતી મુજબ મદદ કરતો. મને બાળપણથી જ વંચીત અસહાય, લાચાર લોકોને જોઈને આવી અસમાનતા કેમ એ પ્રશ્ન થતો. જયારે પણ બ્રહ્માંડ વીશે કે સજીવો વીશે કે પછી સમાજમાં જોવા મળતી અસમાનતા વીશે પ્રશ્નો કરતો તો ‘આ બધી તો ભગવાનની માયા’ એવા ઉત્તરો મળતા, ત્યારે આ બધી રચનાઓ ભગવાનની તો ભગવાન કોની રચના એવો સવાલ થતો. જીજ્ઞાસા સાથે આ જગતને વીસ્મયતાથી જોવું હતું અને જાણવું હતું. સત્યની ખોજ કરવી હતી. તેથી મારી જીજ્ઞાસાને સંતોષવા હું ભણવા સીવાય દરેક બાબતમાં ખુબ જ રસ લેતો. એથી ભણવામાં હું સામાન્ય. કોઈ પણ કારીગરો મીસ્ત્રી, ઈલેકટ્રીશીયન, પ્લમ્બર સ્કુલમાં આવે એટલે તેમની મદદે આપણે હાજર. પંખો કેવી રીતે ફરે, બલ્બ કેવી રીતે પ્રકાશ આપે, રેડીયોમાં અવાજ કયાંથી આવે એ બધું જાણવાની ખુબ જ જીજ્ઞાસા. એક વખત ઘરમાં બલ્બ (દુધીયો) ઉડી ગયો (તે સમયે બલ્બ પ્રકાશ આપવાનું બંધ કરે એટલે ‘બલ્બ ઉડી ગયો’ એવું કહેવાતું) અને આપણે ભાઈસાહેબ બલ્બ ખરેખર ઉડી ગયો છે કે હોલ્ડરમાં ખામી છે તે ચેક કરવા ઈલેકટ્રીશીયન બની ગયા. એક ઈલેકટ્રીક વાયર શોધ્યો તેનાં બે છેડા પ્લગમાં નાંખી બે છેડા હાથમાં પકડયા. જેવા છેડા હાથમાં પકડયા કે તરત કરંટ આખા શરીરમાં પસાર થયો, અને કશું બોલી પણ ન શકાય એવી રીતે પોટલું વળી ગયો. મમ્મીએ જોયું, અને ‘અલ્કેશ, અલ્કેશ’ બુમ પાડી મને હલાવી નાંખ્યો. તેમાં વાયરના બે છેડા પ્લગમાંથી મુકત થયાં અને આપણને જીવનમુકતી મળતા મળતા રહી ગઈ. મૃત્યુને ખુબ જ નજીકથી જોઈ આપણે પાછા ફર્યા. આમ તે દીવસે મારી ‘મા’ એ મને બીજો જન્મ આપ્યો. પપ્પા આચાર્ય એટલે ગામની પ્રતીષ્ઠીત વ્યકતીઓની અવરજવર ઘરમા રહેતી. મારી જીજ્ઞાસા સંતોષવા માટે હું તેઓની બૌદ્ધીક ચર્ચા સાંભળવા તેઓની વચ્ચે જઈને બેસી જતો. આવી જ

કોઈ ચર્ચામાં મારા કાને એક નામ સાંભળેલું અને તે આદરણીય શ્રી રમણ પાઠક સાહેબનું. સ્કુલમાં આવતાં બધા જ વર્તમાનપત્રો સાંજે ઘરે આવતા. આજની જેમ કોઈ ઈલેકટ્રીક મીડીયા નહીં, માટે જીજ્ઞાસા સંતોષવાનું એક જ માધ્યમ : એ બધા વર્તમાનપત્રોની હેડલાઈન વાંચવાની, ફોટા જોવાના, ફોટાની નીચે આપેલ વીગતો વાંચવાની, મને ખુબ જ મજા આવતી. ત્યારથી વર્તમાનપત્રો સાથે દોસ્તી તે આજ દીન સુધી ચાલુ છે અને મૃત્યુ પર્યંત ચાલુ રહેશે. ધોરણ દશ પાસ કરી ૧૧ સાયન્સમાં અભ્યાસ માટે સુરત મામાને ત્યાં રહેવા આવ્યો. દશમા ધોરણમાં માર્ક કંઈ સારા તો નહોતા આવ્યા, પરંતુ પપ્પાની ઓળખાણથી ટી. એન્ડ ટી. વી. સ્કુલમાં એડમીશન થઈ ગયું. પપ્પાને પણ ખબર કે માર્ક સારા નથી. 'સાયન્સમાં ચાલશે કે કેમ ?' પરંતુ બાળપણના પરાક્રમો અને વૈજ્ઞાનીક રુચી જોતાં કદાચ મન લાગશે અને એન્જીનીયર થઈ જાય એવી દરેક માબાપની આકાંક્ષા મુજબ આપણે સાયન્સના વીદ્યાર્થી થઈ ગયા. હવે એક તો કીશોરાવસ્થા, ગ્રામ જીવનમાંથી શહેરમાં આવ્યા. અભ્યાસ પ્રત્યે રુચી તો ઓછી જ, તેમાં સ્વતંત્રતા મળી ગઈ. એક દીવસ મીત્ર જયેશ સાથે 'ગાંધી સ્મૃતી ભવન'માં આવેલ પુસ્તકાલયની મુલાકાતે ગયા અને બાળપણની જીજ્ઞાસા અને કુતુહલને સંતોષવા જાણે મોકળુ મેદાન મળી ગયું. હવે આપણે સ્કુલમાં ઓછા અને પુસ્તકાલયમાં વધુ જોવા મળતા. જીજ્ઞાસાને સંતોષવા વાંચન માટેની કોઈ ચોકકસ દીશાના અભાવે પુસ્તકાલયમાં આવતા બધાં વર્તમાનપત્રો અને મેગેઝીન ઉઠલાવી નાંખીએ. તેનું પરીણામ એ આવ્યું કે ૧૧ સાયન્સમાં તો જેમ તેમ નીકળી ગયા, પરંતુ ૧૨માં નાપાસ થયા. ઓકટોબર મહીનામાં ફરી પરીક્ષા આપી. ફરી નાપાસ થયા. મારા કાકા મુંબઈ એચ. એમ. પબ્લીક સ્કુલમાં શીક્ષક એટલે મુંબઈ કાકાને ત્યાં વધુ માર્ગદર્શન અર્થે એક મહીના માટે પહોંચ્યા. કાકી સ્વાધ્યાય પરીવારના સભ્ય એટલે કાકાને ત્યાં સ્વાધ્યાય પરીવારનું સાહીત્ય પડેલું. આપણે લાગ્યા એ વાંચવા. તેમાં વળી 'પાન્ડુરંગ આઠવલે'નું 'ગીતાનો અનુવાદ' તો બે વાર વાંચી નાંખ્યું. સાયન્સમાં ફરી નાપાસ થયા, પરંતુ ગીતા મગજમાં ફીટ થઈ ગઈ. હવે મારા પરીણામોનું વીશ્લેષણ થયું, અને વીજ્ઞાન પ્રવાહમાં આપણે ન ચાલીએ એવું તારણ આવ્યું. ફરી પીતાજીની ઓળખાણથી ટી. એન્ડ ટી. વી. સ્કુલમાં સામાન્ય પ્રવાહમાં પ્રવેશ લીધો. આમ સાયન્સ પ્રવાહના વીદ્યાર્થી મટીને આપણે સામાન્ય પ્રવાહના વીદ્યાર્થી બન્યા. હવે આપણે પણ ભણવા બાબતે ગંભીર થયા. ૧૨ કોમર્સમાં સેકન્ડ કલાસથી પાસ થયા, અને પછી B.Com. LLB પણ થઈ ગયા.

મમ્મીને સાંઈ બાબામાં આસ્થા માટે સચીનથી સુરત આવવાનું થાય ત્યારે મમ્મી સાથે સાંઈબાબાના મંદીરે જવાનું નકકી જ હોય એટલે આપણે પણ સાંઈ ભકત બન્યા. સુરત રહેવા

આવ્યા એટલે દર ગુરુવારે સાંઈબાબાના મંદીરમાં જવાનો શીરસ્તો મીત્ર જયેશ સાથે ચાલુ કર્યો. મને યાદ છે કે જયારથી મારી રુચીથી મંદીરમાં જતો થયો, મારી પ્રાર્થના મારા વ્યકતીત્વના વીકાસ માટેની જ હોય, એક બહેતર ઈન્સાન બનવાની જ હોય, કોઈ ભૌતીક વસ્તુઓ માટે કે લાયકાત વગરની કોઈ માંગણી માટે ન હોય. બીજી વાત એ કે પરીક્ષાનું પરીણામ આવવાનું હોય, એટલે આપણે તો જાણીએ, જ કે પરીણામ શું આવશે કારણ ઉત્તરવહીમાં કેવા ઉત્તર લખેલા એ આપણે જાણીએ પરંતુ સાંઈબાબાના મંદીરમાં જઈને પ્રાર્થનામાં કદી પણ ‘મને પાસ કરી દેજો તો હું ફલાણું ઢીકણું કરીશ’ એવી કોઈ જ માંગણી કરતો નહીં. રેશનાલીઝમના સંપર્કમાં આવ્યો તે પહેલાથી જ મારા વીચારો થોડા રેશનલ હતા. રેશનલ વીચાર શકતીની બાળપણની બે વાત. વેકેશનમાં ગામ રહેવા જઈએ ત્યારે બપોરના સમયે ગામના પાદરે પાના ઉપર લખોટી રમાય, હું નાનો એટલે મારા પીતરાઈ ભાઈના સહાયક તરીકે લખોટીનો ડબ્બો લઈ આપણે પણ પાદરે લખોટી રમવા જઈએ. પીતરાઈ ભાઈ પણ આમતો નાના જ, પરંતુ મારાથી મોટાં એમણે કયાંકથી ચોઘડીયા વીશે જ્ઞાન મેળવેલું. એટલે હંમેશાં ચોઘડીયામાં લાભ હોય તે સમયે જ રમવા જઈએ. મને ત્યારે સવાલ થતો કે જો ચોઘડીયામાં લાભ યોગ હોય તો હારશે કોણ ? એકવાર સચીનમાં હનુમાનજી મંદીરમાં પુજારી કે કોઈક સાધુની મને ચોકકસ યાદ નથી, હત્યા થઈ. આખા ગામમાં હોટ ટોપીક, પરંતુ મારા મગજમાં એક જ સવાલ : હનુમાનજી જો ભગવાન હોય તો પછી એના જ મંદીરમાં થતી હત્યા એમણે કેમ ન અટકાવી ?

જીજ્ઞાસા અને વીસ્મયતાને સંતોષવા સત્યની ખોજ હજુ પણ ચાલુ જ હતી એટલે વર્તમાનપત્રો અને મેગેઝીનથી આગળ વધી ગુણવંત શાહ, ચંદ્રકાંત બક્ષી, મોહમ્મદ માંકડ, ભગવતીકુમાર શર્મા, ફાધર વાલેસ, વગેરેને વાંચ્યા. નવલકથા, લઘુવાર્તાઓ ,રામાયણ, મહાભારતના સંદર્ભ પુસ્તકો વાંચ્યા. આ બદ્યુ વાંચવા છતાં બ્રહ્માંડ અને એની ઉત્પત્તી વીશેના પ્રશ્નો, ભગવાન વીશેના રહસ્યના જવાબો ન મળ્યા. ચારે બાજુ લાચારી, મજબુરી, ભય, આતંક આ બધું શા માટે ? એ પ્રશ્નો તો અનુત્તર હતા. માટે ધાર્મીકતાની ઢીલી ઢીલી ડાળ ફકત પકડવા પુરતી પકડી હતી, પરંતુ મંઝીલ દૂર હતી.

લગ્ન થયા, અને એક પુત્રનો પીતા બન્યો. પુત્ર બે અઢી વર્ષનો થયો ત્યારે ખબર પડી કે પુત્ર મંદબુદ્ધીનો છે. પુત્રની લાચારી અને પરાધીનતાએ સંશયને વધુ બળુકો અને બોલકો બનાવ્યો. પુજા, પ્રાર્થના વગેરેમાંથી મન ઉઠી ગયું. સામાન્ય રીતે મેં જોયું છે જયારે

વ્યકતી ઉપર દુ:ખ આવે છે ત્યારે તે ગયા જન્મના કર્મના ફળનું કારણ છે, અથવા ભગવાન આપણાથી નારાજ છે. એવું માની તે વ્યકતી વધુ ધાર્મીક અંધશ્રદ્ધાળુ બનતો જાય છે. અને પૂજા પાઠ, હવન, દોરા, ધાગા, મંત્રોની પાછળ પડે છે અને જીવનને તણાવગ્રસ્ત બનાવી દે છે. મેં પણ જયારે મારી પુત્રની બીમારી જાણી ત્યારે દુ:ખ થયું અને જેમ દરેક વ્યકતી દુ:ખમાં વીચારે તેમ 'મારી સાથે જ કેમ આવું થયું ?' એવો વીચાર મને પણ આવ્યો હતો, પરંતુ સ્વસ્થતા પ્રાપ્ત કરી સત્યની ખોજની જે તલાશ હતી તે ચાલુ રાખી. વધુ વાંચન તરફ વળ્યો. નાસ્તીકતા કે રેશનાલીઝમ વીશે તો ત્યારે કોઈ માહીતી જ ન હતી. નાસ્તીકો માટે સામાન્ય સમજ એવી હતી કે અસામાજીક તત્ત્વો મોટે ભાગે નાસ્તીક હોય. શનીવારે 'ગુજરાતમીત્ર' વર્તમાનપત્રમાં 'રમણભ્રમણ' કટાર આવતી. નાનપણમાં જે ચર્ચા દરમીયાન આદરણીય શ્રી રમણ પાઠક સાહેબનું નામ કાને પડેલું એ ચર્ચામાં એ નામ નાસ્તીક તરીકે ચર્ચાયેલ અને એમની નીંદા પણ સાંભળેલી. બાળપણમાં જે વાંચ્યું કે સાંભળ્યું હોય તેની ઘેરી છાપ પડી જાય છે. એટલે કટાર વાંચવાથી વંચીત રહયો હતો, પરંતુ હવે બધું વાંચવું હતું. જાણવું હતું એટલે 'રમણભ્રમણ'નું ભ્રમણ ચાલુ કર્યું. આમ વાંચનની દીશા બદલાઈ. 'રમણભ્રમણ' કટારનું મેં નીયમીત વાંચન શરુ કર્યું અને રીતસરનું વ્યસન થઈ ગયું. શનીવારની ભારે ઉત્કટતાથી રાહ જોતા જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ મારી દરેક જીજ્ઞાસા અને કુતુહલ સંતોષાવા લાગ્યા. પછી તો રમણ પાઠક સાહેબના પુસ્તકો વાંચવાની શરુઆત કરી. 'સંશયની સાધના'થી શરુઆત થઈ, અને પછી એ સાધના અવીરત ચાલુ જ રહી. બાળપણમાં ઉઠેલા સવાલોના જવાબ પાઠક સાહેબનાં લેખો અને પુસ્તકોએ મહદઅંશે પુરા કર્યા. ભગવાન હોય તો એમને કયારે અને કેવી રીતે શા માટે સમગ્ર વીશ્વની ઉત્પત્તી કરી હશે ? કેવી રીતે સંચાલન કરે છે ? એની ઈચ્છા વગર પાંદડું પણ નથી હાલતું એમ હોય તો દુનીયામાં આટલા બધા દુ:ખો કેમ ? વીવીધ રોગો અને અકસ્માતો ભગવાનની ઈચ્છાથી થાય છે ? મુંગા જીવોને આટલી વેદના અને લાચારી શા માટે ? આવા પ્રશ્નોના સંતોષકારક જવાબ કોઈ ધર્મનાં પુસ્તકો પાસેથી ન મળ્યા. પાઠક સાહેબને વાંચ્યા પછી વૈજ્ઞાનીક અભીગમે મારા પ્રશ્નોને સંતોષ્યા.

બ્રહ્માંડની ઉત્પત્તીનો જવાબ બીગ બેંગ ઘટના વીશે જાણવાથી સંતોષાયા. ત્યારબાદ સજીવો વીશેના પશ્નોના જવાબો ઉત્ક્રાંતીના લેખો અને પુસ્તકોના વાંચનથી મળ્યા. એક તરસ્યાને કૂવો મળે એવી રીતે મને રમણ પાઠક સાહેબના લેખો મળ્યા. પછી તો મેં રેશનાલીઝમ વીશે ખુબ વાંચ્યું, અને હું વૈજ્ઞાનીક અભીગમ ધરાવતો રેશનલ વ્યકતી બન્યો. મેં જોયું કે રેશનલ વ્યકતી ભેદભાવમાં નહીં માને. એ જડ નહી, ઉદાર હોય, એ હીંસક નહી અહીંસક હોય, એ અંધવીશ્વાસુ નહીં, વીશ્વાસુ હોય, એ નૈતીક હોય જયારે બીજી બાજુ મેં જોયું કે

ધાર્મીક લોકો આથી વીપરીત અને વધુ અસહીષ્ણુ જણાતા હતા. મંદીર, મસ્જીદ, ચર્ચની જરુર નથી, પરંતુ શાળા, લેબોરેટરી, વેધશાળા, પુસ્તકાલયની જરુરીયાત છે એ બધી વાતો મને રેશનલ વીચારશકતી થકી સમજાઈ. ઘણી વાર વીચાર કરું તો થાય કે પાઠક સાહેબને વાંચ્યા ન હોત તો મારી જીજ્ઞાસા અને વીસ્મયતાના ઉત્તર મને ન મળતે. જો મેં ધર્મની ડાળ પકડી રાખી હોત તો હું બંધનોથી મુકત એક સ્વતંત્ર જીવનનો લુફ્ત ઉઠાવી શકયો ન હોત. આજે રેશનાલીઝમની ડાળી પર હું શાંત અને સ્વસ્થતાથી એકદમ મુકત આનંદમય જીવન વ્યતીત કરી રહયો છું. સુખ-દુઃખ તો માનસીક સ્થીતી છે એ વાત વીવેકબુદ્ધીથી સમજી શકાઈ. આવી રેશનલ સમજ માટેના શ્રેય જેણે સદીઓથી આપણા મન પર માન્યતાઓ, પરંપરાઓ, રુઢીઓ અને ધર્મગ્રંથો રુપી લાગેલા કાટને સાફ કરી નાંખ્યો એવા રુષી આપણા ગુજરાતી રેશનાલીઝમના પીતામહ ડો. રમણ પાઠક સાહેબને જ જાય. હું પાઠક સાહેબનો આ માટે ખૂબ જ રુણી છું. ‘રમણભ્રમણ’ એ મારા દરેક ભ્રમનું હરણ કર્યું છે.

અંતમાં પાઠક સાહેબના એક લેખના અંશ

‘રેશનાલીઝમ’ એટલે વીવેકબુદ્ધીવાદ. જે વીચાર-અભીગમમાં સારાસારનો વીવેક છે. નીર-ક્ષીર ન્યાય છે એવો જીવનનાભીગમ તે રેશનાલીઝમ. રેશનાલીસ્ટ અર્થાત્ વીવેકબુદ્ધીવાદી વ્યકતી શું સારું અને શું નરસું, શું સત્ય અને શુ અસત્ય ? એ પોતાની વીવેકબુદ્ધી વડે યથાર્થ પારખી શકે, અને તદનુસાર જીવન જીવે, પછી તેનું જીવન સર્વ વાતે સુખી, આનંદમય તેમ જ મુકત જ હોય કારણ કે તે તમામ મીથ્યા બંધનો, વળગણો, માન્યતાઓ તથા અનીષ્ટોથી મુકત થઈ શકે છે. જે માનવી પોતાના જીવનનાં તમામ ક્ષેત્રોમાં રેશનલ અભીગમ સ્વીકારે તેનું જીવન ‘સર્વતોભદ્ર’ સંભવી શકે.’

રમણ પાઠક સાહેબની જન્મશતાબ્દી વર્ષ નીમીત્તે સુર્યકાન્ત શાહ સાહેબના કહેવાથી આ લેખ તૈયાર કર્યો છે. લખવાની આદત કે ટેવ નથી પરંતુ પ્રયાસ કર્યો છે.

---

## તમે પરમાત્મા બની શકો

દયાનંદ સરસ્વતી ‘સત્યાર્થ-પ્રકાશક’માં જણાવે છે કે, જે પોતાના કાર્ય કરવામાં કોઈ બીજાની મદદની લેશમાત્ર પણ ઈચ્છા નથી કરતો અને પોતાના જ સામર્થ્યથી પોતાના સર્વ કામ પૂરાં કરે છે, એટલા માટે તે પરમાત્માનું નામ ‘સર્વશકતીમાન’ છે. મતલબ કે તમે પણ જો તમારા કામ જાતે કરી લો એટલા સ્વાશ્રયી બનો તો તમે પણ ‘સર્વશકતીમાન’ એટલે કે ‘પરમાત્મા’ બની શકો. આથી જ તો કોરોના સમયે જાતે જ પગે ચાલીને સેંકડો કી.મી. દુર પોતાના વતન તરફ જે પરપ્રાંતી મજુરો જતા હતા તે ‘સર્વશકતીમાન’ યાને કે પરમાત્મા ગણાય !

# સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો

**–સુર્યકાંત શાહ**



સુરતની રોટરી કલબ ઓફ સુરત રાઉન્ડ ટાઉનના ઉપક્રમે સત્યશોધક સભા તરફથી ચમત્કાર નીદર્શન કાર્યક્રમ યોજાયો હતો. કલબના સભ્યો શીક્ષીત અને ચમત્કારોના રહસ્યોથી જ્ઞાત હતા. તેથી ચમત્કાર નીદર્શનનો આ કાર્યક્રમ એકમાર્ગી રહયો નહોતો. પ્રત્યેક પ્રયોગ પ્રસંગે શ્રોતાઓ પોતાની સુઝબુઝ પ્રમાણે તેના રહસ્યને જણાવતા હતા. કેટલાકના સાચા પડતાં, કેટલોકના ખોટાં. પરીણામે આખો કાર્યક્રમ ચમત્કારો પાછળની લોકોની ઘેલછાને કેવી રીતે ઓછી કરવી તેની જાણે કે ચર્ચસભા જેવો થયો ! મંત્રીશ્રી જાદવ વેકરીયાએ ચમત્કાર નીદર્શન કર્યું હતું.

પ્રમુખશ્રી ભરતભાઈ શેઠે સૌનું સ્વાગત કર્યું હતું. સુગીત પાઠકજીએ સત્યશોધક સભાનો શ્રોતાઓને પરીચય આપ્યો હતો. સત્યશોધક સભાના પ્રમુખ સુર્યકાન્ત શાહે શ્રોતાઓના ચમત્કારમાં પ્રગટ થયેલા શૈક્ષણીક અભીગમનો દોર આગળ ચલાવ્યો હતો. એમણે જણાવ્યું 'જો ચમત્કારને માત્ર અંધશ્રદ્ધા સાથે જોડી દેવામાં આવે તો આપણે અડધા રસ્તે પહોંચીએ છીએ. એનાથી આગળ વધીને શ્રદ્ધા માટે પણ વીચારવું જોઈએ. જો તર્કબદ્ધ રીતે વીચારવામાં આવે તો સમજાશે કે મુળમાં શ્રદ્ધા જ અંધ છે. ધર્મસ્થાનોમાં સંપત્તીના બીભત્સ પ્રદર્શન વચ્ચે વીધી-વીધાન થાય તેને 'શ્રદ્ધા' નામ આપવામાં આવે છે. ગરીબ વર્ગના લોકો ચમત્કારને નામે જે પ્રયોગ કરે છે તેને 'અંધશ્રદ્ધા' નામ આપવામાં આવે છે. આ ભેદના મુળમાં પણ આર્થીક અસમાનતા કામ કરે છે. શ્રદ્ધા પોતે જ આંધળી છે. એને કાળા ચશ્માં પહેરાવો તો પણ ઠીક, અને ન પહેરાવો તો પણ ઠીક. આથી 'શ્રદ્ધા' અને અંધશ્રદ્ધાનો તફાવત પાડવાનું જરુરી જ નથી. વૈભવના વીલસતા રાચતા ધર્મસ્થાનોની શ્રદ્ધાનું પણ આપણા જીવનમાં કોઈ સ્થાન રહેવું જોઈએ નહીં. સત્યશોધક સભાના પ્રમુખ, ઉપપ્રમુખ અતુલભાઈ પાઠકજી, મંત્રી જાદવ વેકરીયા અને સહમંત્રી સુગીત પાઠકજીનું કલબ તરફથી અભીવાદન કરવામાં આવ્યું હતું.

# રશ્મીકાન્ત દેસાઈ

**–ગોવીંદ મારુ**

ન્યુ જર્સી સ્ટેટ (અમેરીકા)માં નીવૃત્ત સ્ટ્રકચરલ એન્જીનીયર અને સુપર સીનીયર સીટીઝન રશ્મીકાન્ત દેસાઈ બુદ્ધીનીષ્ઠ અને તર્કશીલ લેખક હતા. મારા ‘અભીવ્યકતી’ બ્લોગ અને તેમની વેબસાઈટ ‘તતુડી’ ના કારણે અમે દોઢ દાયકાથી વર્ચ્યુઅલ સંપર્કમાં હતા. લેખકની ઈચ્છા મુજબ ‘નીર્ભ્રાન્ત’ઈ પુસ્તક પ્રગટ કરવાનું તેમનું સપનુ સાકાર થાય તે પહેલાં જ ૧૭ માર્ચ, ૨૦૨૩ના રોજ સારવાર દરમીયાન હોસ્પીટલમાં તેમનું અવસાન થયું. આજે એમના સ્મરણાર્થે રશ્મીભાઈને ઈ. પુસ્તીકાંજલી અર્પતા અમે કૃતજ્ઞતા અનુભવીએ છીએ.

લેખક જેવું વીચારતા એવું લખતા, એવું જીવતા અને તેમના પરીવારને તે પ્રમાણે અનુસરવાની કેળવણી આપતા હતા. ૧૭ માર્ચે રશ્મીભાઈનું અવસાન થયું. તે જ સમયે તેમના ઘરે ખુશીનો પ્રસંગ હતો. તેમના દીકરા ઉત્કર્ષભાઈ અને પ્રણવભાઈએ ખુશીનો પ્રસંગ સાંગોપાંગ પુરો થાય તે માટે અવસાન થયાની કોઈનેય જાણ કર્યા વગર રશ્મીભાઈની રેશનલ ઈચ્છાનુસાર હોસ્પીટલમાં દેહદાન કર્યું. ધર્મગ્રંથો, વેદો, ઉપનીષદો, મહાકાવ્યોનો ગ્રહન અભ્યાસ કર્યો હોવાથી લેખકે ધારદાર દલીલો અને ઉદાહરણો દ્વારા કેટલાક વીધાનોનું ખંડન કર્યું છે. લેખકે ધર્મની સાથે સાયન્સની પણ ઘણી  ટીકા કરી છે. તેમને વીજ્ઞાન અને તર્ક ગમતા હતાં. પણ તેનું તેઓ બંધન રાખતા નહોતા.

તેઓ એ કહેતા, ‘મારે મારી બુદ્ધીનો દુરુપયોગ ન કરવો જોઈએ. એને  સા’વ ન જ વાપરું તો તે પણ દુરુપયોગ જ ગણાય. કોઈને ગમે કે ના ગમે, મને તો જે સાચું લાગે છે તે એવું જ ભેળસેળ વીના જણાવું છું.’

ગુરુઓ અને બીજા પ્રવચનકારોનાં ભાષણો અને લખાણોની ભરમારમાંથી છેવટે તાત્પર્ય શું નીકળે છે ?  ‘સાક્ષાત્પર બ્રહ્મો’ની પુજાનો કશો ફાયદો સમાજને થાય છે ? ધર્મનો ઉદ્દેશ આપણી વર્તણૂક સુધારવાનો છે એમ કહેવામાં આવે છે તો તે હજારો વર્ષો પછી પણ કેમ ફળ્યો નથી ?આપણે ઘણુંખરું બીજાઓના વીચારો પર ‘હીન્દુ તરફી’ કે ‘હીન્દુ વીરોધી’ હોવાના સીક્કા મારીને તેમની પ્રશંસા કે ટીકા કરીએ છીએ. પરન્તુ બેમાંથી એકેય નથી. તે તો કેવળ ન્યાય અને સત્યના પક્ષકાર છે. (આ વીચારો દેસાઈના ‘નીર્ભ્રાન્ત’માં રજુ થયા છે. મારુનો લેખ ટુંકાવ્યો છે.)

(સત્યશોધક સભાએ રશ્મીકાંત દેસાઈ ‘મારી વીચારયાત્રા’ પુસ્તકનું પ્રકાશન કરેલું, જે દેસાઈની ઈચ્છાનુસાર ‘સત્યાન્વેષણ’ના ગ્રાહકોને ભેટ તરીકે મોકલવામાં આવ્યું હતું. સત્યશોધક સભા પણ દેસાઈના નીધન બદલ શોક  વ્યકત કરે છે.)

## 'સીધો મારગ'માં નાનુભાઈ વાનાણી

હાલ સમાજમાં એવા કેટલાય લોકો છે જેઓ પોતાની સાંપ્રદાયીક દુકાનો ખોલીને બેસી ગયા છે. તેઓના કેન્દ્રમાં જીવન નથી, પરંતુ મૃત્યુ પછીની સ્થીતી છે. તેઓ જીવનની સ્થીતી સુધારવાની જગ્યાએ જીવની સ્થીતી અને ગતી સુધારવા મૃત્યુ પછીના મોક્ષની જ ચીંતા કરે છે. આવા લોકો શ્રદ્ધાના નામે લોકોનું માનસીક, શારીરીક અને આર્થીક શોષણ કરી ભાવનાઓનો મોટો વેપાર કરી રહ્યા છે. આવા સંપ્રદાયોનો મનોવ્યાપાર ભયના પાયા પર ઉભો છે. સંપ્રદાયો પ્રેમ, કરુણા, ભાઈચારાના બદલે એકબીજા પ્રત્યે નફરત, ઘૃણા, વેરભાવ ફેલાવતા હોવાનો અનુભવ થાય છે. આનાથી પણ મોટો કટાક્ષ રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીએ પાખંડી ધર્મગુરુઓને ઉદ્દેશીને રચેલું. 'અમે' શીર્ષક નીચેના કાવ્યમાં કર્યો છ, જે કાવ્ય આ રહયું.....

અમે પ્રેમીકો હાડપીંજર તણા, પુજારી સડેલાં કલેવર તણાં.

અમે માનવીને પશુ સમ નચાવીએ, 'પ્રભુ' શબ્દ બોલીને પછી પઢવીએ, પુરા અંધને સ્વર્ગ-ચાવી અપાવીએ.

અમે ગારુડી ધર્મતર્કટ તણાં, મદારી ખરા લોકમર્કટ તણાં.

અમે દેવમુર્તીની માંડી દુકાનો, કીફાયત દરે વેચીએ બ્રહ્મજ્ઞાનો, પ્રભુધામ કેરાં ઉડાવીએ વીમાનો.

અમે પાવકો પાપગામી તણાં, પ્રવાહો રૂડા પુણ્યગંગા તણાં.

અમે ભોગના પુતળા તોયે ત્યાગી, છયે રાગમાં રત તોયે વિરાગી, સદા જળકમળવત્ અદોષી અદાગી,

અમે દીવડા દીવ્યજયોતી તણાં, શરણધામ માનવકુદાઓ તણાં,

અમારી બધી લાલસાઓની તૃપ્તી થકી, પામરો મેળવો સદ્ય મુકતી ! 'સમર્પણ' મહીં માનજો સાચી ભકતી,

અમે તો ખપર વાસનાઓ તણા, ભ્રમર અંધશ્રદ્ધાના બાગો તણા.

શ્રીમંતો, સ્ત્રીઓ, વહેમીઓના બનેલા, ઉભા-જો ! અમારા અડગ કોટકીલ્લા, વૃથા છે સુવીધા તણા સર્વ હલ્લા,

અમે શત્રુઓ બુદ્ધીના, સત્યના, અચલ થાંભલા દેશદાસત્વના.

* * *

મૃત્યુવાદીના કેન્દ્રમાં મૃત્યુ પછીની સ્થીતી છે. તેઓ જીવનના બદલે મૃત્યુ પછીના મોક્ષને કેન્દ્રમાં રાખે છે.

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of posta

## 'સીધો મારગ'માં નાનુભાઈ વાનાણી

અમે બંને સંપ્રદાયવાળા બંનેસરખા સ્વાર્થી છીએ. અમારે સંપ્રદાયોનો સ્થાનકમાં જવાનો સ્વાર્થ એ હોય છે કે તે સંપ્રદાયના અનુયાયીઓની અમને તૈયાર મોટી સંખ્યા મળી રહે. જયારે સંપ્રદાયના સંચાલકોનો સ્વાર્થ એ હોય છે કે તેઓ તેના અનુયાયીઓ પર પ્રભાવ પાડી શકે કે જુઓ આપણા સંપ્રદાયમાં આટલા મોટા નેતા, ધારાસભ્ય, સંસદસભ્ય, મંત્રી અથવા મુખ્યમંત્રી પણ શ્રદ્ધા રાખે છે. આથી પ્રભાવ વધારવા સંપ્રદાયોના સંચાલકો ખુબ આગ્રહ કરીને અથવા સાચું કહું તો જીદ કરીને વી. વી. આઈ. પી. મહેમાનોને તેમના સ્થાનકોમાં આવવા આમંત્રણ આપે છે. તે માટે સાંપ્રદાયીક સંસ્થાઓ ખાનગી વેપારી કંપનીની જેમ પી. આર. ડીપાર્ટમેન્ટ પણ રાખે છે. વી.વી.આઈ.પી. વ્યકતી ગુરુને નમન કરી આશીર્વાદ લેતા હોય તેવા ફોટા પ્રસીદ્ધ કરી પોતાની સંસ્થાનું માર્કેટીંગ પણ કરતા હોય છે. તેમાં વી.વી.આઈ. પી. અને સંપ્રદાય બંનેને લાભ હોય છે. આને કહેવાય અરસ-પરસનો વેપાર, જેને લોકો સ્વાર્થ પણ કહે છે.

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૬૬૩૬૪ પર ફોટો મોકલે.**

---

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**